भूगोळ विद्या

એશિઆ ખંડનું વર્ણન.

આવૃત્તિ દસમી.

બનાવનાર,

મહાશંકર પીતાંબર જોશી

મુંબઈ,

"પારસી પ્રિન્ટિંગ" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૪,—સને ૧૮૮૭.

કીમત ૪ આના

ભૂગોળ વિદ્યા.

એશિઆ ખંડનું વર્ણન.

આવૃત્તિ દસમી.

બનાવનાર,

મહાશંકર પીતાંબર જોશી.

મુંબઈ,

"પારસી પ્રિન્ટિંગ" પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૩—સને ૧૮૮૭.

કિમ્મત ચાર આના.

ભૂગોળ વિદ્યા.

પ્રકરણ પેહેલું

ભૂગોળ વિદ્યા એમાં ત્રણ શબ્દ છે. એનો અર્થ એ કે ભૂ એટલે પૃથ્વી, ગોળ એટલે ગોળાકાર અને વિદ્યા એટલે વર્ણન, એટલે પૃથ્વી ગોળાકાર છે તેનું વર્ણન ભૂગોળ વિદ્યા ભણવાથી મુખ્ય ફાયદા એ થાય છે કે, આ પૃથ્વી ઉપર પરમેશ્વર બધે ઠેકાણે એકજધારી રચના કરી નથી. પણ જુદા જુદા દેશમાં જુદી જુદી જાતનાં માણસ જુદી જુદી જાતનાંપ્રાણી અને જુદી જુદી જાતની વનસ્પતિ કરેલી છે. તે જાણવાથી ઇશ્વરની અપાર શક્તિ માલમ પડેછે. બીજું આ પૃથ્વી ઉપર કેટલા દેશ છે, તેઓ કયી કયી દિશામાં આવેલા છે, ત્યાંના લોક સુધરેલા છે કે જંગલી, ત્યાંની હવા કેવી છે, ત્યાં કયી કયી વસ્તુનો વધારે પાક થાય છે, ને ત્યાં શું શું જોવાનું છે. તે બધું આપણે જાણીએ છીએ; માટે ઘરમાં બેઠાં બેઠાં આખી પૃથ્વીની મુસાફરી કરવાનું સાધન ભૂગોળ વિદ્યાજ છે.

પૃથ્વીનો આકાર નારંગીના જેવો છે, તેના પ્રમાણો નીચે પ્રમાણે.

૧. જે લોકો વાહાણમાં બેસીને પૃથ્વીની પ્રદક્ષિણા*

---

* મેગેલન નામના માણસે પેહેલા પ્રથમ પૃથ્વીની પ્રદક્ષિણા કરી હતી.

કરેછે, તેઓ દિશા બદલ્યા શિવાય જે જગ્યાએથી નિકળ્યા હોય તેજ જગ્યાએ પાછા આવે છે.

૨. ચંદ્ર ગ્રહણની વખતે પૃથ્વીની છાયા ચંદ્રઊપ૨ ગોળાકાર પડે છે.

૩. પૂર્વ ભણીના દેશો કરતાં પશ્ચિમ ભણીના દેશોમાં સૂર્ય મોડો ઊગે છે.

૪. સૂર્યાસ્તે ઊંચા ડુંગર ઊપર ચઢીને જોવાથી, કે બલૂનમાં બેશીને ઊંચે ચઢવાથી, પશ્ચિમમાં સાક્ષાત સૂર્યોદય થયલો દેખાય છે.

૫. જેમ જેમ આપણે ઊત્તર તરફ જઇએ, તેમ તેમ ધ્રૂવનો તારો ઊંચો દેખાય છે.

૬. જ્યારે દરિઆમાં કિનાર આગળથી વહાણ ચાલવા માંડેછે, ત્યારે પ્રથમ તેનું તળીયું, પછી શઢ અને છેલ્લીવારે કુવાની ટોચ દેખાતી બંધ થાય છે, તેમજ મોટા મેદાનમાં સામેથી કોઇ માણુસ આવતું હોય, તો, પ્રથમ તેની પાઘડી, પછી તેનું મોં પછી પેટ અને છેલ્લીવારે પગ દેખાય છે. આ ઊપરથી સાફ માલમ પડે છે કે પૃથ્વી સપાટ નથી. જો સપાટ હોત તો, દુરથી આવનાર માણુસનું માથું અને પગ એકજ વખતે દેખાત.

૭. જ્યારે આકાશ માંહેલા સૂર્ય, ચંદ્ર અને બીજા ગ્રહો ગોળ છે, તો પૃથ્વી પણ એક ગ્રહ છે, તે પણ ગોળજ હોવી જોઇએ એમાં કંઇ શક નથી.

દિશાઓ

દિશાઓ ચાર છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ સવારમાં જે તરફ સૂર્ય ઉગેછે તેને પૂર્વ દિશા કહેછે અને સાંજે જેણી તરફ આથમે છે તેને પશ્ચિમ અથવા આથમણી દિશા કહેછે.

પૂર્વ દિશા ભણી મોં કરીને ઊભા રહીએ, તો ડાબા હાથ તરફની ઉત્તર દિશા અને જમણા હાથ તરફ દક્ષિણ દિશા છે.

ખુણા અથવા કોણ

પૂર્વ અને દક્ષિણ વચ્ચેનો ખુણો તે અગ્ની કોણ—દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખુણો તે નૈરૂત્ય કોણ; પશ્ચિમ અને ઊત્તરની વચ્ચેનો ખુણો તે વાયવ્ય કોણ; અને ઊત્તર અને પૂર્વની વચ્ચેના ખુણાને ઇશાન કોણ કહેછે.

સૂર્યથી દિશા માલમ પડેછે ખરી, પણ ભર દરિઆમાં કે અંધારી રાત્રે દિશા જણાતી નથી. માટે તે વેળાએ તો ચિના લોકનું શોધી કાહાડેલું હોકાયંત્ર કામમાં આવે છે.

નકશામાં દિશા જાણવાની રીત.

સપાટ વસ્તુ ઊપર આખી પૃથ્વીનો કે તેના કોઇ ભાગનો આકાર પાડેલો હોય તેને નકશો કહે છે.

નકશાની સામે મોં કરીને ઊભા રહીએ, તો ઊચેની ઊત્તર, નીચેની દક્ષિણ, જમણા હાથ ભણીની પૂર્વ, અને ડાબા હાથ ભણીની પશ્ચિમ દિશા જાણવી.

પૃથ્વીની સપાટી.

પાણી અને જમીન મળીને પૃથ્વીની સપાટી બની છે. જો આખી પૃથ્વીના ચાર ભાગ કરીએ તો તેમાંના ત્રણ ભાગ પાણી અને બાકીની જમીન છે.

પૃથ્વીના મુખ્ય ભાગ

પૃથ્વીના મુખ્ય ભાગ બે છે. પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ એ બંને ગોળાર્ધમાં જે જે જમીનછે તેના પાંચ ભાગ કર્યા છે; તેમાંના દરેકને ખંડ કહે છે, પૂર્વ

ગોળાર્ધમાં યૂરોપ, એશિઆ અને આફ્રિકા એવા ત્રણ ખંડ છે. તેમને જુની દુનિયા કહેછે, કારણ કે તેઓ અસલથી એક બીજાને માલન હતા.

પશ્ચિમ ગોળાર્ધમાં એકલો અમેરિકા ખંડ છે તે ઈટાલીદેશ માંહેના જીનોઆ શેહેરના મહા કુશળ વહાણવટી કોલંબસે સ્પેન દેશના રાજાની સહાયતાથી ઈ૦ સ૦ ૧૪૯૨ માં શોધી કહાડયો ત્યાર પેહેલાં તે માલમ નહોતો તેથી તેને નવી દુનિયાં કહેછે.

એ શિવાય પૂર્વ ગોળાર્ધમાં અમેરિકાનો શોધ થયા પછી મોટો બેટ માલમ પડયો છે. તેનું નામ આસ્ટ્રેલિઆ તે પણ ખંડમાં ગણાય છે, તેથી પૃથ્વી ઉપર બધા મળીને પાંચ ખંડ છે.

જમીનના મુખ્ય ભાગો.

ખંડ, દેશ, દ્વીપ (બેટ અથવા ટાપુ) દ્વીપકલ્પ ભૂશિર સંયોગીભૂમી, પર્વત (પહાડ), ડુંગર, જંગલ રણ અને ખરાબો, આ ઉપર કહેલાં નામમાંથી કોઈ નામ આવે ત્યારે તે જમીનનો ભાગ છે એમ સમજવું.

પાણીના મુખ્ય ભાગ.

આખી પૃથ્વી ઉપર, ખરૂં જોઈએ તો બધું ખારૂં પાણી એકાકાર છે, માટે એકજ માહાસાગર છે. પણ સ્થળ પ્રમાણે તે બધા પાણીના કલ્પિત પાંચ ભાગ કરયા છે તેમાં પાંચ મહાસાગર થયા છે તેઓનાં નામ.

૧. ઊત્તર. મહાસાગર (ઉત્તરમાં આવેલો છે તેથી.)

૨. દક્ષિણ મહાસાગર (દક્ષિણમાં આવેલો છે તેથી.)

૩. હિંદી મહાસાગર (હિંદુસ્થાનની પાસે આવ્યોછે તેથી)

૪. આટલાંટિક મહાસાગર (આફ્રિકાની પશ્ચિમે આટલાસ પર્વત છે, તેના નામ ઉપરથી.

૫. પાસિફિક મહાસાગર (તેનો અર્થ એ કે શાંત દરિઓ) કારણકે જ્યારે તે પ્રથમ માલમ પડયો, ત્યારે તે શાંત હશે એવું ધારવામાં આવ્યું હતું) આ મહાસાગર બધા મહાસાગરોથી મોટો છે, તેણે અરધી પૃથ્વી રોકીછે,

મહાસાગર, સમુદ્ર, અખાત, ઉપસાગર, સામુદ્રધુની (અથવા સંયોગી જળ.) સરોવર, નદી, નાળું, ખાડી આ ઉપર કહેલાં નામમાંથી કોઇ નામ આવે, તો તે પાણીનો ભાગ છે એમ સમજવું.

જમીનના ભાગની વ્યાખ્યાઓ.

૧. જમીનનો મોટો ભાગ જેમાં ઘણા દેશ આવેલા હોય, તેને ખંડ કહેછે.

૨. જમીનનો જે ભાગ ચારે બાજુએ પાણીથી વિંટલાયલો હોય તેને દ્વીપ (બેટ અથવા ટાપુ) કહેછે.

૩. જમીનનો જે ભાગ ત્રણ બાજુએ પાણીથી વિંટલાયલો હોય અને એક બાજુએ જમીનથી જોડાયલો હોય, તેને દ્વીપકલ્પ કહેછે.

૪. જે જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશિર કહેછે.

૫. જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે છે તેને સંયોગી ભૂમી કહેછે.

૬. જમીન ઉપર ઊંચા ટેકરા હોય તેને ડુંગર કહેછે.

૭ ઘણા ઊંચા અને ઘણા લાંબા ટેકરા હોય તેને પહાડ કે પર્વત કહેછે. જ્યારે એવા ડુંગર અને પર્વતોની હાર ઘણાગાળા સુધી ચાલી ગઇ હોય, ત્યારે તેને પર્વતની હાર કહેછે.

૮. જે પર્વતના શિખરમાંથી ધુમાડો, રાખ અને ઊનારસ જેવો પ્રવાહી પદાર્થ નીકળે છે તેને જવાળા મૂખી અથવા બળતો પહાડ કહેછે.

૯. જમીનનો જે ભાગ ઝાડોથી ભરપૂર હોય તેને જંગલ અથવા અરણ્ય કહેછે.

૧૦. જે જમીનનો ભાગ ઘણા ગાઊ સુધી સપાટ રેતાળ હોય, અને ઝાડપાન કે પાણી જેમાં જવલ્લે મળે તેને રણ કહે છે.

૧૧. સમુદ્રની અંદર પથ્થરનો એવો ટેકરો હોય કે જે ભરતી આવી હોય, ત્યારે દેખાય નહીં અને ભરતી ઊતરી જાય ત્યારે પાણીની સપાટી પર દેખાય તેને ખરાબો કહેછે. એવા ખરાબાપર ભૂલથી વહાણ અથડાઇ ચુરેચુરા થઇ જાય છે.

૧૨. એવી રીતે વહાણ અથડાઇને ભાગી ન જાય, માટે એવા ખરાબા ઊપર ગોળાકારે એક ઊંચો બુરજ બાંધીને તેમાં આખીરાત બળતો દીવો રાખેછે, તેને દીવા દાંડી કહે છે.

૧૩. દરિઆની પાસે આવેલી જગ્યાને કિનારો કહેછે.

૧૪. બે નદીઓ વચ્ચે આવેલા પ્રદેશને દોઆબ કહે છે, અને પાંચ નદીઓ વચ્ચે આવેલા પ્રદેશને પંજાબ કહે છે.

૧૫. જેમાં ઘણાં એક સંસ્થાન જીલ્લા વગેરે આવેલા હોય તેને પ્રાંત કહેછે.

૧૬. જેમાં ઘણાંએક શેહેર હોય તથા ખંડીઆ મુલકો આવેલા હોય તેને ઇલાકો કહેછે.

૧૭. જે ઘણાં પ્રગણાં મળીને થયો હોય તેને જીલ્લો કહે છે.

૧૮. જેના તાબામાં ઘણાં નાનાં મોટાં ગામો આવી તાલુકો બંધાએલો તેને પ્રગણું કહેછે.

૧૯. થોડાંક ઘરોની વસ્તી હોય તેને ગામ કહે છે.

૨૦. જેમાં ઘણાં ઘરોની વસ્તી આવી હોય અને બજાર હોય તેવા મોટા ગામોને કસ્બો કહેછે.

૨૧. જ્યાં મોટાં છોબંધ ને હારબંધ ઘરો બાંધેલાં હોય અને સારાં સારાં ચોટાં ને બજાર હોય અને જ્યાં ધમધોકાર વેપાર ચાલતો હોય તેને શેહેર કહેછે.

૨૨. નદીકે દરિઆ કાંઠે વેપારનું મથક હોય ને ત્યાં વહાણ આવી શકે તેને બંદર કહેછે.

૨૩. રાજ ગાદીનું શેહેર હોય એટલે જ્યાં રાજા અથવા રાજાના પ્રતિનીધી રહેતા હોય તેને રાજધાની કહેછે.

૨૪. રાજાઓના વસાવેલા નાના નાના ખંડીઆ મુલક તેને સંસ્થાન કહેછે.

૨૫. ડુંગરો કે પર્વતોની વચ્ચેના નીચા પ્રદેશને ખીણ કહે છે.

૨૬. સપાટ જમીનના વિસ્તારેલા ભાગને મેદાન અથવા પ્રદેશ કહેછે.

૨૭. પહાડો ઉપર આવેલા પ્રદેશને ઊંચ પ્રદેશ કહેછે.

૨૮. જે ઊંચી જગ્યાએથી જુદી જુદી દિશાઓમાં પાણી વહે તેને જળાશય પ્રદેશ કહે છે.

પાણીના ભાગની વ્યાખ્યાઓ.

૧. ખારા પાણીનો મોટો ભાગ તેને મહાસાગર કહે છે.

૨. જે પાણીનો ભાગ મહાસાગરથી નાનો હોય તેને સમુદ્ર કહેછે.

૩. જમીન ઉપર લાંબો ગયેલો જે સમુદ્રનો ફાંટો તેને અખાત કહેછે.

૪. અખાતનું મોં પોહોળું હોય તો તેને ઉપસાગર કહેછે.

૫. પાણીના બે મોટા ભાગને સાંધનારો જે પાણીનો સાંકડો ભાગ, તેને સામુદ્રધુની અથવા સંયોગી જળ કહેછે.

૬. પર્વતમાંથી કે સરોવરમાંથી મીઠા પાણીનો પ્રવાહ નીકળી, ઢળતી જગ્યામાં થઇ, સમુદ્રને કે સરોવરને મળે, કે રણમાં સમાય તેને નદી કહેછે.

૭. પર્વતમાંથી મીઠા પાણીનો નાનો પ્રવાહ નીકળી થોડે દુર જઇ બીજી નદીને મળી જાય તેને નાળું એટલે નાની નદી કહેછે.

૮. જે પાણીનો ભાગ ચારે બાજુએ જમીનથી વીંટ લાયલો હોય તેને સરોવર (એટલે મોટું તલાવ) કહેછે.

૯. મોટી નદીમાંથી ફાંટો નીકળી નાની નદીની પેઠે વહેછે તેને નદીની શાખા કહેછે.

૧૦. જે ઠેકાણે બે નદીઓ ભેગી થયછે તેને સંગમ કહેછે.

૧૧. સમુદ્રને મળતા પેહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોયછે, તેને ખાડી કહેછે.

૧૨. જે જગ્યાએથી નદી નીકળે છે. તે જગ્યાને તેનું મૂળ કહેછે. અને જયાં આગળ સમુદ્રને મળેછે, ત્યાં તેનું મુખ કહેવાયછે.

૧૩. ચંદ્રના આકર્ષણે કરીને દિવસમાં બે વાર સમુદ્રનું પાણી વારા ફરતા ચઢે છે ને ઉતરી જાયછે તેને ભરતી ઓટ કહેછે. પણ ભૂમધ્ય સમુદ્રમાં ભરતી આવતી નથી,

પ્રકરણ ૨ જું.

મુંબઈ ઈલાકાના ભાગનું વર્ણન.

એ ઇલાકાની વાયવ્ય ઉત્તર, અને ઇશાન દિશાએ બલુચિસ્તાન, પંજાબ, અને રજપુત સંસ્થાનો છે. પૂર્વ અને અગ્નિખુણી મધ્ય હિંદુસ્તાનના દેશી સંસ્થાનો મધ્ય પ્રાંતો, વરાડ, અને નિઝામનું રાજ્ય છે; દક્ષિણે મદ્રાસ ઇલાકો અને મ્હૈસુર છે; અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

મુંબઇ ઇલાકો એની લંબાઇ આસરે ૧૦૦૦ મૈલછે. અને એની સરાસરી પોહોળાઇ આસરે ૧૯૦ મૈલછે એનું ક્ષેત્રફળ સુમારે ૧૯૦૦૦૦ ચોરસ મૈલછે. એનાં આસરે અઢી કરોડ માણસની વસ્તી છે.

મુંબઇ ઇલાકાના પાંચ ભાગ કરવામાં આવેછેઃ તેમનાં નામ સિંધ પ્રાંત, કચ્છ પ્રાંત. ગુજરાત પ્રાંત, મહારાષ્ટ્ર (તેમાં દક્ષિણ અને કોકણ) દક્ષિણ મહારાષ્ટ અને ઉત્તર કનેડા

મુખ્ય પર્વતો— સંહ્યાદ્રી ઉત્તરથી તે દક્ષિણ સુધી જઇને દક્ષણને કોકણથી જુદું પાડેછે.

હાલા—સિંધ પ્રાંતની પશ્ચિમે

. સાતપુડા—પૂર્વથી પશ્ચિમ દિશાએ છે તે ઇંદોર અને ખાનદેશ તાબાના મુલકોની વચ્ચે આવેલો છે.

કાઠીઆવાડના પર્વત—ચોટીલા, શેત્રૂંજા, ગીરનાર ચોટીલા ધાંગધ્રાની પાસે, શેત્રૂંજા, પાલીતાણાની પાસે, ગીરનાર જુનાગડની પાસે

મુંબઈ ઈલાકાની મુખ્ય નદીઓ.

સિંધુ, નર્મદા, તાપી, ગોદાવરી, ભીમા તથા નીરા મહી, સાબરમતી, કૃષ્ણા. તુંગભદ્રા

સિંધુ એ સિંધ પ્રાંતમાં થઇને અરબી સમુદ્રને મળે છે.

બનાસ અને સરસ્વતી ગુજરાતમાં વહીને કચ્છના રણમાં સમાય છે.

સાબરમતી, મહી, નર્મદા, તાપી, કીમ, એ ગુજરાત માં વહીને ખંભાતના અખાતને મળેછે.

ગોદાવરી, નીરા, ભીમા, એ દખણ પ્રાંતમાં વહેછે.

કૃષ્ણા, તુંગભદ્રા, એ દખણ અને દક્ષિણ મહારાષ્ટ્રમાં વહેછે.

મુખ્ય બેટ—મુંબઇ અને સાલેસેટ અને દીવ એ કાઠીઆવાડની દક્ષિણે

મુંબઇ ઇલાકામાં ત્રણ જગા હજી પોર્તુગીઝ લોકોને તાબે છે. તેનાં નામ—ગોવા એ દક્ષિણમાં, દમણ, એ સુરતની દક્ષિણે અને દીવ બેટ કાઠીયાડવાની દક્ષિણે

એ ઇલાકાની રાજધાની મુંબઇ બેટ છે તે સન ૧૬૬૧ માં ઇંગ્લાંડ દેશના બીજા ચાર્લસ રાજાને પોર્તુગીઝ રાજાની કેથેરાઇન કન્યાને પરણ્યો તેની પેહેરામણી દાખલ પોર્તુગીઝ લોકો પાસેથી મળ્યો.

ગુજરાતનો ઘણો ખરો ભાગ ગાયકવાડ સરકાર અને અંગ્રેજ વચ્ચે થએલી સલાહના કોલકરાર પ્રમાણે અંગ્રેજ સરકારને ગાયકવાડે આપ્યો. મહારાષ્ટ્ર અને દક્ષિણ મહારાષ્ટ્ર સને ૧૮૧૮ માં પેશવા સરકાર પાસેથી મળ્યા. સિંધ પ્રાંત ત્યાંના રાજ્ય ચલાવનાર અમીરો પાસેથી ઇસવીસન ૧૮૪૨—૪૩ માં સર ચારલ્સ નેપીઅર નામના અંગ્રેજ સરદારે જીતી લીધો.

ઉપર કહેલા દરએક પ્રાંતમાંના જીલ્લાનાં તથા પોલિટિકાલ એજન્સીઓના તથા તેમના મુખ્ય શેહેરનાં નામ નીચે મુજબ:—

૧ સીંધ પ્રાંત	મુખ્ય શેહેર
૧ સિંધની સરહદ ઉપરનો મુલક.	જેકબાબાદ
૨ શિકારપુર જીલ્લો,	શિકારપુર, સક્કર, બક્કર, રોરી.
૩ હેદરાબાદ જીલ્લો.	હેદરાબાદ. હાલા, કોટ
૪ કરાંચી જીલ્લો	કરાંચી, નગરઠઠ્ઠા.
૫ થરપારક,	અમરકોટ, નગરપાર્કર,
૬ ખેરપુરસંસ્થાન,	ખેરપુર,
૨ કચ્છ પ્રાંત	ભુજ, માંડવી. અંજાર (લખપત,
૩ ગુજરાત	
૧ સુરત જીલ્લો	સુરત, રાંદેર, વલસાડ
૨ ભરૂચ જીલ્લો	ભરૂચ,
૩ ખેડા જીલ્લો	ખેડા, નડીઆદ, ઉમરેઠ,
૪ પંચ મહાલ	ગોધ્રા, દાહોદ,
૫ અમદાવાદ જીલ્લો	અમાવાદ, ધોલેરા. ધંધુકા,
૬ કાઠિઆવાડ એજન્સિ,	રાજકોટ, દ્વારિકા, ધાંગધ્રા. જુનાગડ. નવાનગર સોમનાથ પાટણ, પોરબંદર, ઘોઘા.
૭ પાલણપુર એજન્સિ,	પાલણપુર ડીસા, રાધનપુર
૮ મહિકાંઠા એજન્સિ.	સાદરા, ઇડર
૯ રેવાકાંઠા એજન્સિ,	નાદોદ, બારીઆ, લુણાવાડા,
૧૦ ગાયકવાડ સંસ્થાન,	વડોદરા, પાટણ, ડભોઇ નવસારી,
૧૧ ખંભાત સંસ્થાન	ખંભાત,
૧૨ પંચમહાલ એજન્સિ	નારૂકોટ,
૧૩ સુરત એજન્સિ	વાંસદા, ધરમપુર, સચીન,

૪ મહારાષ્ટ્ર

૧ કોંકણ.

૧ થાણા જીલ્લો	થાણા, કલ્યાણી.
૨ જવાર સંસ્થાન	જવાર.
૩ કોલાબા જીલ્લો	અલીબાગ.
૪ જંજીરા સંસ્થાન	જંજીરા.
૫ રત્નાગીરી જીલ્લો	રત્નાગીરી.
૬ સાંવંતવાડી સંસ્થાન	સાવંતવાડી.

૨ દક્ષિણ.

૧ ખાનદેશ જીલ્લો.	ધુળીઆ, માલેગાંવ.
૨ નાશક જીલ્લો.	નાશક.
૩ પેંઠ સંસ્થાન.	પેંઠ.
૪ અહમદનગર જીલ્લો.	અહમદનગર.
૫ પુણા જીલ્લો	પુણા, મહાબળેશ્વર પંઢરપુર.
૬ સતારા જીલ્લો.	સતારા, ભોર, ફલટન, ઔંદ, જત.
૭ સોલાપુર જીલ્લો.	સોલાપુર બારસી.
૮ અકલકોટ સંસ્થાન.	અકલકોટ.

૫ દક્ષિણ મહારાષ્ટ્રદેશ અને ઉત્તરકાનડા

૧ કલાડગી જીલ્લો.	કલાડગી.
૨ બેલગામ જીલ્લો.	બેલગામ.
૩ કોલ્હાપુર સંસ્થાન.	કોલ્હાપુર.
૪ દક્ષિણ મરાઠા જાગીર.	સાંગલી, જમખંડી, મીરજ કુરંદવાડ, ભૂધોળ રામદુર્ગ.
૫ ધારવાડ જીલ્લો.	ધારવાડ.
૬ સાવનૂર સંસ્થાન	સાવનૂર.
૭ કાનડા જીલ્લો.	કારવાર ઉરફે સદાશિવગડ હુનાવર.

મુંબઈ ઇલાકાનો રાજ્યકારભાર

આખા મુંબઇ ઇલાકાપર એક અંગ્રેજ અમલદાર હુકુમત ચલાવે છે જેને "ગવર્નર" કહેછે ગવર્નરને રાજ્ય કારભારમાં સલાહ આપવા અને મદદ કરવાને ત્રણ મોટા અધીકારીઓ હોય છે. જેઓ "કાઉન્સિલર" કહેવાય છે. વડોદરાના સંસ્થાન સિવાય મુંબઇ ઇલાકામાંહેલાં સઘળાં દેશી રાજ્યો મુંબઇના ગવર્નરના તાબામાં છે. દેશી સંસ્થાનો અને એજન્સિમાં અંગ્રેજ સરકાર તરફથી અંગ્રેજ અમલદારો રહે છે. જેઓને પોલિટિકાલ એજન્ટ કહેછે. ઇલાકાના સઘળા જીલ્લાઓને ચાર "કમીશનર"ના તાબામાં સોંપેલા છે. ઉત્તર વિભાગના કમીશનરના તાબામાં ગુજરાત પ્રાંતના જીલ્લા અને રત્નાગિરિ સિવાય કોકણ પ્રાંતના જીલ્લા છે. મધ્ય વિભાગના કમીશરના તાબામાં દખણ પ્રાંતના જીલ્લા છે. દક્ષિણ વિભાગના કમીશનરના તાબામાં દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતના જીલ્લા અને રત્નાગિરિ જીલ્લો છે. સિંધ પ્રાંતના કમીશનરના તાબામાં સિંધ પ્રાંત છે. કમીશનરોના તાબા હેઠલ દરેક જીલ્લામાં હુકુમત ચલાવવાને 'કલેકટર' નીમેલા છે. કલેક્ટરને મદદ કરવાને 'આસિસ્ટંટ કલેકટર' અને 'ડેપ્યુટી કલેક્ટર' હોય છે. જેઓને જીલ્લાના ભાગો સોંપવામાં આવેછે. દરેક જીલ્લાના તાલુકામાં ભાગ કરેલાછે. દરેક તાલુકામાં એક મામલતદાર હુકુમત ચલાવે છે જે કલેકટરના હુકમ મુજબ ચાલે છે.

સિંધ પ્રાંત.

સિંધપ્રાંત મુંબઇ ઇલાકાની ઉત્તરે, બલુચિસ્તાનદેશ અને રજપૂતાના પ્રાંતની વચ્ચે આવેલો છે. એ પ્રાંતના લોકોને સિંધી લોક કહે છે. એ પ્રાંતની મુખ્ય ભાષા સિંધી અને બલુચી છે. સિંધ પ્રાંતમાં ત્રણ જીલ્લા અને બે પરગણાં અને એક ખેરપુર નામે દેશી સંસ્થાન છે.

હૈદ્રાબાદ એ પ્રાંતની રાજધાની છે તે સિંધુ નદીને કાંઠે છે એમાં મુખ્યબંદર કરાંચી છે.

કચ્છ પ્રાંત.

કચ્છ દેશ સિંધ અને કાઠીઆવાડની વચ્ચે છે. એની ઉત્તરે મોટું રેતીનું મેદાન છે, જેને કચ્છનું રણ કહે છે. કચ્છમાં મોટી નદી નથી. એ દેશમાં હિંદુ રાજા રાજ્ય કરે છે જે 'રાવ' નામથી ઓળખાય છે કચ્છની રાજધાની ભૂજ છે જે રાવ શ્રી ખેંગારજીએ૧૬૦૫માં વસાવ્યું હતું. પોલિટિકલ એજન્ટ પણ ભૂજમાં રહેછે. કચ્છનું મુખ્ય વેપારનું બંદર માંડવી છે, તેમાં ઘણી વસ્તી છે.

ગુજરાત પ્રાંત.

ગુજરાત પ્રાંત મુંબઇ ઇલાકાના મધ્ય ભાગમાં, અરબી સમુદ્ર અને મધ્ય હિંદુસ્તાનનાં દેશી સંસ્થાનોની વચ્ચે આવેલો છે, એ પ્રાંતમાં ઘણું કરીને ગુજરાતી હિંદુઓ રહેછે. એ પ્રાંતની મુખ્ય ભાષા ગુજરાતી છે. એ પ્રાંતમાં મુખ્ય નદીઓ મહી, સાબરમતી, નર્મદા, તાપી, કીમ, પૂર્ણા, બનાસ, અને સરસ્વતી છે.

ગુજરાત પ્રાંતમાં ઘણાં દેશી રાજ્યો છે. એ પ્રાંતનાં ૧૪ વિભાગ કીધા છે, તેમાં પાંચ જીલ્લા, ત્રણ દેશીસંસ્થાન, અને છ એજન્સિ છે. ગુજરાત પ્રાંતની રાજધાની અમદાવાદ છે તે સાબરમતી નદી ઉપર છે. ગુજરાતનાં મુખ્ય બંદર સુરત, ભરૂચ, ખંભાત, ઘોઘા, પોરબંદર છે.

ખંભાત સંસ્થાન.

ખંભાત સંસ્થાન અમદાવાદ અને ખેડા જીલ્લાની વચ્ચે આવેલું છે. એની દક્ષિણે ખંભાતનો અખાત છે. એ સંસ્થાનનો હાકેમ મુગલ છે તે નવાબના નામથી ઓળખાય છે. એ સંસ્થાન ખેડાના કલેકટરની સત્તા નીચેછે. એ સંસ્થાનનું મુખ્ય શેહેર ખંભાત છે.

વડોદરા સંસ્થાન.

વડોદરા સંસ્થાનનો કેટલોક ભાગ સુરત જીલ્લામાં કેટલોક અમદાવાદ જીલ્લામાં, કેટલોક ભરૂચ જીલ્લામાં અને કેટલોક કાઠીયાવાડ એજન્સિમાં છે. મુંબઇ ઇલાકાનાં દેશીરાજ્યોમાં એ સર્વથી મોટું રાજ્ય ગણાય છે. એ રાજ્ય હિંદુસ્તાનના ગવર્નર જનરલના તાબા હેઠલ છે, જેનો એક એજન્ટ એ સંસ્થાનની દેખરેખ રાખે છે.

વડોદરા સંસ્થાનનું મુખ્ય શેહેર વડોદરા છે, જેમાં મહારાજા ગાયકવાડ રહે છે. એમાં બીજાં મોટાં શેહેર નવસારી, ગણદેવી, અમરેલી, પાટણ અને ડભોઇ છે.

કાઠીઆવાડ એજન્સિ.

કાઠીઆવાડ મુંબઈ ઇલાકાની પશ્ચિમે કચ્છ અને ખંભાતના અખાતની વચ્ચે એક મોટો દ્વિપકલ્પ છે. એમાં મોટા પર્વત ચોટીલા, શેત્રુંજા અને ગિરનાર છે. એમાં એકે જાણવા લાયક મોટી નદી નથી; એના રાજકાજના બંદોબસ્ત માટે અંગ્રેજ સરકાર તરફથી એક પોલિટિકલ એજન્ટ રહે છે, જેની કચેરી રાજકોટમાં છે એ એજન્સિના ચાર ભાગ કર્યા છે. દરેક ભાગ એક આસિસ્ટંટ પોલિટિકલ એજન્સિના તાબામાં છે.

એજન્સિના ભાગો	આ. પો. એજન્ટનું મથક.
૧ ઝાલાવાડ પ્રાંત	વઢવાણ.
૨ ગોહેલવાડ પ્રાંત	સોનગઢ.
૩ સોરઠ પ્રાંત	માણેકવાડા.
૪ હાલાર પ્રાંત	રાજકોટ.

કાઠીઆવાડમાં નાના મોટાં મળીને ૨૧૮ સંસ્થાનો છે, જેમાંનાં મુખ્ય નિચે જણાવ્યાં છે. ૧ જુનાગઢ ૨ નવાનગર, ૩ ભાવનગર, ૪ ધ્રાંગધ્રા, ૫ પોરબંદર, ૬ મોરબી, ૭ લીમડી, ૮ રાજકોટ, ૯ ગોંડળ, ૧૦ વઢવાણ.

પાલણપુર એજન્સિ.

પાલણપુર એજન્સિ ગુજરાત પ્રાંતની છેક ઉત્તરે છે. એમાં બનાસ અને સરસ્વતી એ બે નદીઓ છે. એમાં ૧૨ સંસ્થાનો છે, તેમાં પાલણપુર અને રાધનપુર મુખ્ય છે. એનાં મુખ્ય શેહેર પાલણપુર, ડીસા, અને રાધનપુર છે. પાલણપુરમાં પોલિટિકલ એજન્ટ રહે છે; અને ડીસા માં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

મહીકાંઠા એજન્સિ.

મહીકાંઠા એજન્સિ ગુજરાત પ્રાંતના ઇશાન ખુણા માં, અમદાવાદ અને ખેડા જીલ્લાની ઉતરે છે. એમાં મોટી નદી સાબરમતી છે. એમાં નાના મોટાં મળી ૪૮ રાજ્યો છે અને મુખ્ય સંસ્થાન ઇડર છે. એ એજન્સિ નું મુખ્ય શેહેર સાદરા છે, જેમાં પોલિટિકલ એજન્ટ રહેછે.

રેવાકાંઠા એજન્સિ.

રેવાકાંઠા એજન્સિ ગુજરાત પ્રાંતની પૂર્વે છે. એમાં મહી અને નર્મદા એ બે નદીઓ વહે છે. એમાં ચાર મુખ્ય સંસ્થાનો છેઃ—૧ રાજપીપળા, ૨ છોટા ઉદેપુર, ૩ બારીઆ, ૪ લુણાવાડા. રાજપીપળા સંસ્થાન સર્વથી મોટું છે અને તેનું મુખ્ય શેહેર નાંદોદ છે.

પંચમહાલ એજન્સિ.

પંચમહાલ એજન્સિ પંચ મહાલની દક્ષિણે છે એ માં મુખ્ય સંસ્થાન નારૂકોટ છે.

સુરત એજન્સિ.

સુરત એજન્સિના ત્રણ નાનાં સંસ્થાન છે જે સુરત જીલ્લામાં આવેલાં છે. એ સંસ્થાનો સચીન, વાંસદા, અને ધરમપુર છે. એ એજન્સિ સુરતના કલેકટરના તાબામાંછે.

કોંકણ પ્રાંત.

કોંકણપ્રાંત અરબી સમુદ્ર અને સંહ્યાદ્રી પર્વતની વચ્ચેનો લાંબો સાંકડો મુલક છે. જે ઉત્તરે ગુજરાત પ્રાંતની દક્ષિણ હદથી તે દક્ષિણે ફીરંગી લોકના ગોવા પ્રાંત સુધી લંબાયલો છે. કોકણ પ્રાંતના ઘણા ખરા લોક મરેઠી ભાષા બોલે છે. કોકણ પ્રાંતના સાત વિભાગ કર્યા છે તેમાં ચાર જીલ્લા અને ત્રણ દેશી સંસ્થાનો છે. મુંબઇ બેટ પણ એક જીલ્લો ગણાય છે. કોકણ પ્રાંતનાં મુખ્ય બંદર મુંબઇ, રત્નાગિરિ, વિંગોર્લા અને હનોઇ છે.

દખણ પ્રાંત.

દખણપ્રાંત સંહ્યાદ્રી પર્વત અને હૈદ્રાબાદ પ્રાંતની વચ્ચે આવેલો છે. એ પ્રાંતમાં ગોદાવરી, નીરા, ભીમા, કૃષ્ણા, તુંગભદ્રા નદીઓ આવેલી છે. આ બધી નદીઓ પશ્ચિમ ઘાટમાંથી નીકળે છે.

દખણ પ્રાંતના દશ ભાગ કર્યા છે; તેમાં છ જીલ્લા છે, બે દેશી સંસ્થાનો છે, અને બે એજન્સિ છે. પુણા શેહેર દખણ પ્રાંતની રાજધાની છે. પેઠ સંસ્થાન નાસક જીલ્લાની પશ્ચિમે છે. અકલકોઠ સંસ્થાન સોલાપુર જીલ્લાની પૂર્વે છે. ખાનદેશ એજન્સિનાં સંસ્થાનો ખાનદેશજીલ્લામાં, અને સતારા એજન્સિનાં સંસ્થાનો સતારા જીલ્લામાં છે.

દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંત.

દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંત દખણ પ્રાંતની દક્ષિણે છે. એની પશ્ચિમે કોકણપ્રાંત, ગોવા, અને અરબી સમુદ્ર છે; અને એની પૂર્વે હૈદ્રાબાદપ્રાંત અને મદ્રાસ ઇલાકો છે. એમાં કૃષ્ણા અને તુંગભદ્રા એ બે નદીઓ છે. એના સાત ભાગ કર્યા છે; તેમાં ચાર જીલ્લાછે, બે દેશી સંસ્થાનોછે, અને એક એજન્સિ છે. ધારવાડ શેહેર એ પ્રાંતની રાજધાની છે. એ પ્રાંતનાં મુખ્ય બંદર કારવાર, કુમટા, અને હોનાવર છે.

મુંબઈ ઈલાકાની નદીઓ ઊપરનાં શેહેર.

નદીઓનાં નામ	તેનાપર આવેલાં શેહેર.
૧ સીંધુ	હૈદરાબાદ, ઠઠ્ઠા, કરાંચી, શારખાના, સુક્કર, બક્કર, મીથુનકોટ, દેરાઇસ્માલખાં, કાલાબાગ.
૨ નર્મદા	ભરૂચ, મંડળેશ્વર, નાદોદા.
૩ તાપી	સુરત, રાંદેર.
૪ ભીમા	શીરોળ, ફલટણ.
૫ નીરા	વાવડે, પંઢરપુર,
૬ મહી	ખંભાત, લુણાવાડા.
૭ સાબરમતી	અમદાવાદ, સાદરા, પેથાપુર.
૮ કૃષ્ણા	મચ્છલીપટણ, ગંતુર.
૯ તુંગભદ્રા	કર્નુલ, હમસાગઢ.

ગુજરાત પ્રાંતની મુખ્ય નદીઓ અને તેની ઉપર આવેલાં શેહેર.

નદીઓનાં નામ.	તેનાપર આવેલાં શેહેર, કસ્બા
૧ બનાસ,	રાધનપુર, ડીસા વગેરે છે.
૨ સરસ્વતી	પાટણ, સિદ્ધપુર, દાંતા. વગેરે
૩ સાબરમતી	અમદાવાદ, સાદરા, પેથાપુર
૪ મેશ્વો	હરસોળ.
૫ ખારી	દેસાસણ, લાલપુર.
૬ વાત્રક	મેમદાવાદ.
૭ શેઢી	ખેડા, ડાકોર, વાડાસીનોર.
૮ વિશ્વામિત્રિ	વડોદરા.
૯ મહી	ખંભાત, લુણાવાડા.
૧૦ ઢાઢર	ટંકારીઆબંદર. (નાદોદ વગેરે)
૧૧ નર્મદા	ભરૂચ, મંડલેશ્વર, જબલપુર.
૧૨ કીમ	ઇલાવ, કઠોદરા. વગેરે.
૧૩ તાપી	સુરત, બ્રાહનપુર, રાંદેર.

૧૪ મીંઢોળા	બારડોલી, વ્યારા, વગેરે કસ્બા.
૧૫ પુર્ણા	નવસારી, બુહારી, વાલોડ.
૧૬ અંબીકા	બીલીમોરા કસ્બો છે.
૧૭ કાવેરી	ચીકલી કસ્બો છે.
૧૮ ઔરંગા	વલસાડ કસ્બો છે.
૧૯ પાર	પારનેરાનો ડુંગરી કીલ્લો છે
૨૦ કોલક	બગવાડા, કસ્બો છે.
૨૧ દમણ ગંગા	દમણ શેહેર છે. (પોર્તુગીઝનું સ્થાન છે.)

પ્રકરણ ૩ જું.

એશિઆ ખંડનું સાધારણ જ્ઞાન.

એશિઆ ખંડની સીમા—ઉત્તરમાં ઉ ર મહાસાગર, પૂર્વમાં—પાસિફિક મહાસાગર, દક્ષિણમાં ડંદી મહાસાગર, પશ્ચિમે—યુરેલિઅન પર્વત, યુરલ નદી, ાસ્પિઅન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળો સમુદ્ર, મારમો ાનો સમુદ્ર, આર્કીપેલેગો, ભૂમધ્ય સમુદ્ર, સ્વેઝની નેહેર અને રાતો સમુદ્ર.

સ્વેઝની નહેરને ઠેકાણે પેહેલાં સ્વેઝના સંયોગીભૂમ હતી, તેથી યુરોપખંડમાંથી વહાણો બારોબાર આ દે ામાં આવી શકતાં નહી, તેમ આ દેશમાંથી ત્યાં જઇ કતાં નહીં અને ઘણી અડચણ પડતી. માટે ફ્રેંચ લોકો એ સ્વેઝની સંયોગી ભૂમિ સને ૧૮૬૯માં ખોદી નાંખી. સ્થળને ઠેકાણે જળ કરી દુનિઆમાં અમર કીર્તિ કરીછે હાલ એ સ્વેઝની નહેરથી લાલ સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર જોડાઇ ગયાછે, એમાંથી મોટાં મોટાં વહાણો જાયછે

એશિઆ ખંડમાં ૧૨ દેશ છે.

દેશ	લોક.
૧ અફગાનીસ્થાન.........	અફગાન અથવા પઠાણ
૨ બલુચિસ્તાન...........	બલુચિ.
૩ ઇરાન.................	ઇરાની અથવા પારસી.
૪ અરબસ્તાન...........	આરબ.
૫ તુર્કસ્તાન..............	તુર્કી અથવા તુરક.
૬ તાતાર	મોગલ.
૭ રૂશિઆ	રૂશિયન અથવા રૂશ.
૮ જાપાન	જાપાની.
૯ ચીન.................	ચીના.
૧૦ ટિબેટ	ટિબેટી.
૧૧ બ્રહ્મદેશ..............	બ્રહ્મી.
૧૨ હિંદુસ્તાન	હિંદુલોક.

ઊત્તરમાં—રૂશિઆ

પૂર્વમાં } જાપાન, ચીન અને ચીનાઇ તાર્તરી.

દક્ષિણમાં. } હિંદુસ્તાન, બ્રહ્મદેશ, ને શિઆમ.

પશ્ચિમે, અરબસ્તાન. તુર્કસ્તાન, મધ્ય ભાગમાં—અફગાનીસ્તાન, ઇરાન, તાતાર, ટિબેટ અને ચિનાઇ.

દેશ રાજધાનીઓ અને મુખ્ય શેહેર.

અફગાનીસ્તાન......કાબુલ રાજધાની કાબુલ નદી ઊપર કંદહાર, પેશાવર. ગીજની.

બલુચિસ્તાત.........ખિલાત.

ઇરાન................તેહેરાન રાજધાની ઇસ્પાન ને શિરાજ

અરબસ્તાન..........મક્કા રાજધાની, મદીના, મસ્કત, મોખા, અને એડન બંદર.

તુર્કસ્તાન.............અલેપો રાજધાની, બગદાદ, બસરા, જેરૂસલમ ને સ્મિર્ના.

તાતર..............બુખારા રાજધાની, અરબ અને બી
વ બેપારનું ઠેકાણું.
રૂશિઆ ....ટોબોલસ્ક ઓબી નદી ઊપર.
જાપાન ....જેડો રાજધાની નીફોનબેટમાં.
ચીન..............પેકીન રાજધાની પીહો નદી ઊપર,
નાનકીન કંતાન બંદર.
ટિબેટ ....લાસા રાજધાની સાંપુ નદી ઊપર.
સિઆમ ....બાંકોક રાજધાની, મીનામ નદીને
કાંઠે છે.
બ્રહ્મદેશ ....આંવા રાજધાની અમરપૂર પેગુ અને
રંગુન બંદર.
હિંદુસ્તાન ......કલકત્તા રાજધાની હુગલી નદીને કાંઠે,
મુંબઇ, મદ્રાસ, આગ્રા, દીલ્હી, અમદા
વાદ, સુરત, ભરૂચ.

મુખ્ય સમુદ્ર

રાતો સમુદ્ર—એ અરબસ્તાન તથા આફ્રિકાની વચ્ચે છે.
આરબી સમુદ્ર—એ અરબસ્તાન તથા આફ્રિકાની વચ્ચે છે.
ચીનાઇ સમુદ્ર—એ ચીન દેશની દક્ષિણમાં છે.
પીળો સમુદ્ર—એ ચીન તથા કોરીઆની વચ્ચે છે.
જાપાની સમુદ્ર—એ ચીનાઇ તાર્તરી અને જાપાની બેટો
ની વચ્ચે છે.
ઓકોટસ્કનો સમુદ્ર—એ સૈબીરિઆ અને કામસ્કાટકાની
વચ્ચે છે.
કામસ્કાટકાનો સમુદ્ર—એ કામસ્કાટકા અને અમેરિકાની
વચ્ચે છે.

મુખ્ય અખાત અને ઉપસાગર.

અરબી અખાત—એ અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચેછે.
ઇરાની અખાત—એ ઇરાન તથા અરબસ્તાનની વચ્ચેછે
કચ્છનું અખાત } હિંદુસ્તાનની પશ્ચિમે.
ખંભાતનું અખાત. }

મલબારનું અખાત—હિંદુસ્તાનની દક્ષિણે.
બંગાળાનો ઉપસાગર—એ હિંદુસ્તાન અને બ્રહ્મદેશની વચ્ચે.
માર્ટાબાનનું અખાત—બ્રહ્મદેશની દક્ષિણે.
શિઆમનું અખાત—શિઆમની દક્ષિણે.
ટોન્કિનનું અખાત—શિઆમની પૂર્વમાં.
અનાદીરનું અખાત—રૂશિઆની પૂર્વે,

મુખ્ય પર્વત.

હિંદુકુશ—એ અફ્ગાનીસ્તાનની ઉત્તરે અને તાતારની દક્ષિણે.
હોરેબ ને શીનાઇ—અરબસ્તાનમાં.
કાકેસસ—તુર્કસ્તાનના ઇશાન ખુણામાં.
તૌરસ—એ તુર્કસ્તાનના મધ્ય ભાગમાં.
યુરલ—રૂશિઆની પશ્ચિમમાં.
આલ્તાઇ—રૂશિઆની દક્ષિણે.
કૈલાસ—ટિબેટની ઉત્તરે.
હિમાલય—ટિબેટની દક્ષિણે.

હિંદુસ્તાનના મુખ્ય પર્વત.

હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે.
શિવાલીક પહાડ—નેપાલ ને ભૂતાનની દક્ષિણે.
વિંધ્યાચળ ને સાતપુડા હિંદુસ્તાનના મધ્ય ભાગમાં.
નીલગીરી—મ્હેસુરની દક્ષિણે.
પૂર્વઘાટ—પૂર્વ કાંઠા તરફ ઉત્તર દક્ષિણ પડેલો છે.
પશ્ચિમઘાટ (સંહ્યાદ્રી) પશ્ચિમ કાંઠાપર ઉત્તર દક્ષિણે પડેલો છે.

મુખ્ય નદીઓ.

યુફ્રેતીસ ને તૈગ્રિસ—તુર્કસ્તાનમાં એ બંને તૌરસ પર્વતમાંથી નીકળીને બસરા આગળ એકઠી મળી ઇરાની અખાતને મળે છે.
જીહૂન અને સિહૂન—સ્વતંત્ર તાતારમાં—એ બંને એરલ સરોવરને મળે છે.

અંગેલિઅન અથવા આમુર—એ ચીનાઇ તાતારમાં થઇને ઓકોટસ્કના સમુદ્રને મળેછે.

ઓબી, એનીસી ને લીના—રૂશિયામાં—એ ત્રણે આલ્તાઇ પર્વતમાંથી નીકળીને ઉત્તરમાં ઉત્તર મહાસાગરને મળે છે.

હોયાંગહો અને યાંગસિકયાંગ—ચીનમાં એ બંને ટિબેટના પહાડમાંથી નીકળીને પીળા સમુદ્રને મળે છે.

સિંધુ—ટિબેટમાં—એ સ્વતંત્ર ટિબેટના પહાડમાંથી નીકળીને આરબી સમુદ્રને મળે છે.

બ્રહ્મપુત્રા અથવા સાંપુ—ટિબેટમાં—એ ચીનાઇ ટિબેટના પહાડમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

મિનામ નદી—સિઆમમાં—એ સિઆમના અખાતને મળે છે.

ઇરાવતી—બ્રહ્મ દેશમાં—એ ટિબેટના પહાડમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળેછે

હિંદુસ્તાનની મુખ્ય નદીઓ.

સિંધુ—આરબી સમુદ્રને મળે છે.

બ્રહ્મપુત્રા—એ બંગાળાના ઉપસાગરને મળે છે.

ગંગા—એ હીમાલય પર્વતમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

જમના—એ હિમાલયમાંથી નીકળીને ગંગાને મળે છે

મહાનદી—એ સાતપુડામાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

ગોદાવરી, કૃષ્ણા ને કાવેરી—એ સંહ્યાદ્રિમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળેછે.

નર્મદા અને તાપી—એ સાતપુડામાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.

મુખ્ય સરોવરો.

કાસ્પીઆન, એરલ,	તાતાર દેશમાં	ઊરૂમીઆ—ઇરાનમાં	
બૈકલ—રૂશિઆમાં.		ટેર્ગીનોર, માન સરોવર, રાવણ હૃદ, પાલટી	ટિબેટમાં.
લ્હાન, મૃત	તુર્કસ્તાનમાં		

મુખ્ય સામુદ્રધુનીઓ.

બેહેરીંગની—એશિઆ તથા અમેરીકાની વચ્ચે.
તાતારની—તાતાર દેશ તથા સઘેલીઆન બેટની વચ્ચે.
કોરીઆની—કોરીઆ તથા જાપાની બેટોની વચ્ચે.
મલાક્કાની—સુમાત્રા તથા મલાયાની વચ્ચે.
પાકની—હિંદુસ્તાન તથા લંકા બેટની વચ્ચે.
હોર્મઝની—ઇરાની અખાત અને આરબી સમુદ્રને જોડેછે.
બાબલ માંડબની—લાલ સમુદ્ર અને આરબી સમુદ્રને જોડેછે.
સંડાની—શુમાત્રા અને જાવાની વચ્ચે.
મેકેસર—બોર્નીઓ અને સેલીબીસની વચ્ચે.
લપેરઝ—યસો અને સઘેલીઅનની વચ્ચે.
સંગાર—નીફોન અને યસોની વચ્ચે.
સુવેઝ—લાલસમુદ્ર અને ભૂમધ્ય સમુદ્રને જોડે છે.

મુખ્ય સંયોગી ભૂમી.

ક્રેની—શિઆમ તથા મલાયાની વચ્ચેછે.

મુખ્ય ભૂશિર.

પૂર્વ ભૂશિર—રૂશિઆના છેક પૂર્વમાં.
લોપાટકા—કામસ્કાટકાની દક્ષિણે.
રોમનીઆ—મલાયાની દક્ષિણે.

નીગ્રેસ—ગ્રીસ દેશની દક્ષિણે.
કન્યા કુમારીને રામભૂશિર—હિંદુસ્તાનની દક્ષિણે.
રાસલહદ—અરબસ્તાનની પૂર્વમાં.
સિવેરો સૈબિરીઆની ઊત્તરે.
કેમ્બોડયા—કોચીન ચાઇનાની દક્ષિણે.
બાબા—એશિઆના તુર્કસ્તાનની વાયવ્ય દીશાએ.

મુખ્ય બેટ.

સૈપ્રસ અને રોડસ—તુર્કસ્તાનની પશ્ચિમે ભૂમધ્ય સમુદ્રમ
બેહરીંગ અને માસેરા—અરબસ્તાનના તાબામાં.
હોર્મઝ અને કીસમ—ઇરાની અખાતમાં.
સિંહલદ્વીપ—હિંદુસ્તાનની દક્ષિણે.
સુમાત્રા અને જાવા શિઆમની દક્ષિણે.
બોર્નીઆ. સેલિબીઝ મસાલાના બેટો, ન્યુગીની, અને ફીલી
પાઇનના બેટો—એશિઆની અગ્નિ કોણમાં.
ફારમોઝા અને લુચુ— ચીનની પૂર્વે.
હૈનાન—ચીનની દક્ષિણે.
નિફોન, યસ્સો, કીસ્યુ. સિકોક—જાપાનમાં.
સઘેલીઅન—ચીનાઇ તાતારની પૂર્વે.
એલ્યુસન—કામસ્કાટકાના સમુદ્રમાં.
કયુરાઇલ—કામસ્કાટકાની દક્ષિણે.
લાઇકોપ—ઉત્તર મહાસાગરમાં.

અફગાનીસ્તાન.

મુખ્ય શેહેર—કાબુલ એ રાજધાની કાબુલ નામના નદી ઉપર છે. એ શિવાય બીજાં શેહેર—કંદહાર. પેશાવર ગિજની, હેરાત, અને જલાલાબાદ.

મુખ્ય પર્વત—ઉત્તરમાં હિંદુકુશ અને પૂર્વમાં સુલેમાનં પર્વત છે.

મુખ્ય નદી—કાબુલ, એ અટક શેહેર આગળ સિંધુને મળે છે.

આ દેશના લોકને અફગાન અથવા પઠાણ કહે છે તેઓ ઘણા બાહાદુર અને લડવૈયા છે તેઓ મુસલમાની ધર્મ પાળે છે. તેઓની ઘણી જાતો છે. દરેક જાત અથવા ટોળીના લોક પોતાના ખાનનો કે મુખ્ય સરદારનો હુકમ માને છે. આ દેશમાંથી પ્રથમ ગિજની શેહેરનો સુલતાન મહમદ, જે ઘણો ધર્માભિમાની હતો. તેણે હિંદુસ્તાન ઉપર બાર સ્વારીઓ કરી હતી. તેમાં છેલ્લી સ્વારી ઈ૦ સ૦ ૧૦૨૪ માં સોરટી સોમનાથ ઉપર કરી. મહાદેવનુ લીંગ ભાગી તથા આખું દેવસ્થાન લુટીને કરોડો રૂપિયા પોતાને દેશ લઇ ગયો હતો. આ દેશના રાજાને અમીર કહે છે.

મુખ્ય વેપારની જણસો—ઘોડા અને મેવો.

બલુચીસ્તાન.

(બલુચીસ્તાન હાલમાં અફગાનીસ્તાનથી સ્વતંત્ર છે.)

મુખ્ય શેહેર—ખીલાત.

બલુચી લોક મુસલમાની ધર્મ પાળે છે. તેઓ રીત ભાતમાં અફગાન જેવા છે, પણ જરા થોડા સુધરેલા છે અહીંના રાજાને પણ અમીર કહે છે.

મુખ્ય વેપારની જણસો ચામડાં તથા ઉન.

ઈરાન.

મુખ્ય શેહેર—તેહેરાન એમાં ઈ૦ સ૦ ૧૭૯૭ થી રાજધાની થઇ છે.

ઇસ્પાહાણ—એ જુની રાજધાની મધ્ય ભાગમાં છે.

શિરાજ—એ સાદી નામના ફારશી કવિની જન્મ ભૂમિ એમાં પીવાનો દારૂ સારો થાય છે,

યજદ—એમાં રેશમ, ઊન અને સુતરનાં કારખાનાં છે, અને જરૂતોસ્તી ધર્મ પાળનારા એટલે દેવતાને પૂજનારા પારસીઓની વસ્તી હજી એમાં છે.

ઊરમિઆ—એ ઊરૂમિઆ નામના સરોવર ઉપર એમાં દેવતાને પુજનારા પારસી લોકનો પેગંમર જરતોસ્ત ઇ૦ સ૦ પૂર્વે ૫૮૯ માં જન્મ્યો હતો.

મુખ્ય અખાત—ઇરાની અખાત એ ઇરાન તથા અરબસ્તાનની વચ્ચે છે.

મુખ્ય બેટ—કિશ્મ એ ઇરાની અખાતમાં છે તેમાં મોતી પાકે છે. બીજો બેટ ઓર્મઝ.

મુખ્ય સરોવર—ઊરૂમિઆ એ વાયવ્ય ખુણામાં છે આ દેશના લોકને ઇરાની લોક કહે છે તેઓ આનંદી ચંચળ અને નિરોગી છે તેઓ ફારશી ભાષા બોલે છે પારસી લોકનો અસલ દેશ ઇરાન, પણ તેમને અર્બસ્તાનના મુસલમાન લોકોએ મારી કાડયા. તેથી તેઓ (૧૧૦૦) વરરસ પર હિંદુસ્તાનમાં આવીને રહ્યા. હાલ આ દેશમાં મુસલમાની ધર્મ ચાલે છે. પણ ઘણા ખરા હજી દેવતાને પૂજનારા છે. આ દેશના રાજાને શાહ કહે છે.

મુખ્ય વેપારની જણસો—રેશમી, સુતરાઊ અને ઊનના ગાલીચા. શેતરંજી. અત્તર, કેસર સોનામુખી, રૂબાર્બ, પીવાનો દારૂ. આરસપાહાણ અને ઘણી જાતનો મેવો પરમુલક જાય છે. તલવાર, કટાર, વગેરે હથિઆર સારાં થાય છે આ દેશમાંથી નખતેલ ઘણું નીકળે છે. એ શિવાય ત્યાંની ઘોડા ને કુતરા ઘણા કીમતી ગણાયછે.

અરબસ્તાન.

મુખ્ય શેહેર—મક્કા એ રાજધાની એમાં મુસલમાન લોકનો પેગંબર મહમદ ઇ૦ સ૦ ૫૬૯ માં જન્મ્યો હતો, તેથી એ શેહેરને પવિત્ર ગણી બધા દેશમાંથી મુસલમાન લોકો ત્યાં હજ (જાતરા) કરવા જાય છે. અહીયાં મુસલમાની ધર્મની મુખ્ય મસિદ છે તેમાં બીજા ધર્મના લોકને પેસવા દેતા નથી.

મદીના—એમાં મહમદ પેગંબર ઇ૦ સ૦ ૬૩૨ માં મરણ પામ્યો હતો, તેથી એની કબર છે. ઇ૦ સ૦ ૬૨૨ માં મહમદ મક્કેથી નાશીને આ શેહેરમાં આવ્યો ત્યારથી તેનો હીજરી સન ચાલુ થયો ગણાય છે.

જીડા—એ રાતા સમુદ્ર ઉપર મોટું બંદર છે.

મસ્કત—એ અગ્ની ખુણામાં મોટું બંદર છે. ત્યાંથી દાડમ વગેર મેવો આવે છે.

મોખા—એમાં ઘણો સારો ખુન થાય છે.

એડન બંદર—એ અંગ્રેજ સરકારને તાબે છે ત્યાં આગળ ઇંગ્લાંડથી અને હિંદુસ્તાનથી જતી આવતી આગબોટો ઉતારો કરે છે.

મુખ્ય પર્વત—હોરેબ અને સીનાઇ.

મુખ્ય અખાત—અરબી અખાત એ અરબસ્તાન તથા આફ્રીકાની વચ્ચે છે.

મુખ્ય સામુદ્રધુની—બાબલ માંડબની સામુદ્રધુની એ અરબી અખાત અને હિન્દી મહાસાગરને જોડે છે.

સુવેઝની સામુદ્રધુની—એ ભૂમધ્ય સમુદ્ર અને અરબી અખાતને જોડે છે.

મુખ્ય ભૂશીર—રાસલહદ એ અરબસ્તાનનું પૂર્વ બિંદુ છે.

મુખ્ય બેટ—બેહેરીંન એની આસપાસના દરિઆ આ મોતી પાકે છે માટે પ્રખ્યાત છે, બીજો માસેરા.

આ દેશ મોટો છે ખરો પણ દરિઆ કિનારાપરની જમીન ફળદ્રુપ છે. મધ્ય ભાગમાં મોટાં મોટાં રેતીનાં રણ અને ખારો પ્રદેશ છે. આ દેશના લોકોને આરબ કહે છે. તેઓ આરબી ભાષા બોલે છે અને મુસલમાની ધર્મ પાળે છે. તેઓ ઘોડાની સ્વારી કરવામાં અને હથીઆર વાપરવામાં ઘણા બહાદુર અને ચાલાક છે. પરોણાની ચાકરી કરવામાં તેઓ ઘણા સભ્ય અને દયાળુ છે તેઓમાં કેટલાક ખેતી કરે છે. કેટલાક તો ટોળીઓ બાંધ તેમનાં ઢોર ઢાંક સાથે લેઇ એક સ્થળેથી બીજે સ્થળે જઈ તંબુ નાખી ભટક્યા કરે છે. ને લાગ ફાવ્યો કે વેપારીઓના કાફલાને લૂટે છે, તે દરેક ટોળીને માથે એકેકો સરદાર હોય છે. તેને શેખ, શેરીફ, ઇમામ કે અમીર કહે છે.

મુખ્ય વેપારની જણસો—આ દેશમાં ઘોડા ઘણા જ સારા થાય છે. તેઓ દોડવામાં ઘણા ચપળ હોય છે ઊંટ અને સાંઢણીઓ પણ સારી થાય છે. એ શિવાય ખજુર અને ઘણી જાતના ગુંદર.

તુર્કસ્તાન.

મુખ્ય શેહેર—અલેપ્પો એ રાજધાની.

સ્મિર્ના—એ યુરોપના વેપારનું મથક છે.

બગદાદ—એ તૈગ્રીસ નદી ઉપર એમાં ખલીફ એટલે મુસલમાની ધર્મના મુખ્યની રાજધાની હતી.

બસરા—એ યુફ્રેતીસ અને તૈગ્રીસના સંગમ ઉપર વેપારનું મુખ્ય ઠેકાણું એની પાસેના ઇરાની અખાતમાં સાચાં મોતી પાકે છે.

જેરૂશલેમ—એ શેહેરને ખ્રીસ્તી લોકો ઘણું પવિ
ત્ર ગણે છે તેથી દરસો વરસ હજારો ગાઉથી ખ્રીસ્તી
લોકો અહીં જાત્રા કરવા આવે છે. યાહુદી લોકોએ ઇસુ
ખ્રીસ્તને આજ શેહેરમાં શુળીએ ચઢાવ્યો હતો. આ શે
હેરમાં આરબ લોકોએ બંધાવેલી ઓમરની મસીદ છે તે
ઘણી સુદરને જોવા લાયક છે આ મશીદને મક્કાની મ
શીદ જેટલીજ મુસલમાનો પવિત્ર ગણે છે.

તેગ્રિસ નદી ઊપરનું નિનેવ અને યુફ્રેતીસ નદી ઊપ
રનું બાબિલન પૂર્વે આશિરિઆના રાજ્યની રાજધાનીનાં
શેહેરો હતાં. એ શેહેરના નૈનાસ નામના રાજાએ ભરત
ખંડ જીતી લીધો હતો એવું કહેવાય છે નેનસની રાણી
સેમિરામિસે બાબીલન શેહેરની શોભા ઘણી વધારી હતી.

મુખ્ય પર્વત કોકેસસ એ ઇશાન ખુણામાં અને
તોરસ મધ્ય ભાગમાં છે.

મુખ્ય નદીઓ—યુફ્રેતીસ અને તગ્રીસ એ બ
ને તૌરસ પર્વતમાંથી નીકળીને બસરા આગળ ભેગી થ
ઇ દક્ષિણમાં ઇરાની અખાતને મળે છે.

જાર્ડન નદી—એ મૃત સરોવરને મળે છે.

મુખ્ય સરોવર—વ્હાન સરોવર, એ કુરદીસ્તાનમાં
વ્હાન શેહેરની પાસે; અને મૃત સરોવર, એ પાલેસ્ટાઇ
નમાં છે. એમાં માછલાં જીવતાં નથી અને કાનારે ઝાડ
પણ થતાં નથી.

મુખ્ય બેટ—સૈપ્રસ અને રોડસ એ તુર્કસ્તાનની
પશ્ચિમે છે.

તુર્કસ્તાનની હવા સુખ કરતા અને જમીન રસાળ
છે. આ દેશ પૂર્વે ઘણો નામાચો હતો. અને જુની દુનિ
આના ઇતિહાસમાં પંકાયલા શેહેરો આજ દેશમાં હતાં

તેમાંથી કેટલાંકનાં ખંડેરો હાલ જોવામાં આવે છે અને બીજાં છેક નાસ પામ્યાં છે આ દેશના શીરિઆ પ્રાંતની દક્ષિણમાં પાલેસ્ટાઇન છે તેમાં પૂર્વે જયુ એટલે યાહુદી લોકો રેહેતા તેઓ દુનિયાના દરેક ભાગમાં જઇ વસ્યા છે કાચનો શોધ પ્રથમ આ દેશમાં થયો એવું કહેવાય છે આ દેશના લોક તુરક કહેવાય છે, પણ મૂળ મોગલ દેશના છે, તેઓ મુસલમાની ધર્મ પાળે છે. આ યુરોપ ખંડના તુર્કસ્તાનના સુલતાનને તાબે છે.

મુખ્ય વેપારની જણસો—આ દેશમાં અંગોરા નામનાં બકરાં થાય છે, તેમના વાળની સરી કામળીઓ બને છે એ શિવય બીજું રેશમી તથા સુતરાઊ કાપડ, ગલીચા, રૂબાર્બ નામની ઔષધી, ઘોડા અને ચામડાં.

તાતાર દેશ.

આ દેશના હાલ ત્રણ ભાગ છે તેમનાં નાંમ સ્વતંત્ર તાતાર. ચીનાઇ તાતાર, (અથવા ચીનઇ તાર્તરી) અને રૂશિઅન તાર્તરી

સ્વતંત્ર તાતાર.

મુખ્ય શેહેર—બુખારાએ રાજધાની એમાં ૧૬૦૦૦૦ માણસની વસ્તી છે આ શેહેરમાં મુસલમાની ધર્મની પાઠશાળાઓ અને મશીદો ઘણી છે.

બલ્ખ—એ પૂર્વે ઇરાનના રાજ્યની રાજધાનીનુ શેહેર હતું પારસી લોકનો પેગંબર જરથોસ્ત, તેણે આજ શેહેરમાં પોતાનો ધર્મ પ્રગટ કર્યો હતો. વળી કેટલાકના કહેવા પ્રમાણે આ શહેર એ જરતોસ્ત પેગંબરની જન્મ ભૂમિ ગણાય છે.

ખીવ—એ જીહૂન નદી ઉપર વેપારનું ઠેકાણું છે.

અને સમરકંદ એ જુની રાજધાનીનું શેહેર છે.

મુખ્ય પર્વત—હિંદુકુશ એ દક્ષિણ દિશામાં આવેલો છે.

મુખ્ય નદીઓ જીહૂન (આમુ અને સિહૂન એ બંને એરલ સરોવરને મળે છે.

મુખ્ય સરોવર—કાસ્પિયન એ પશ્ચિમ દિશામાં એ આખી પૃથ્વી ઉપર મોટામાં મોટું ખારા પાણીનું સરોવર છે. અને એરલ એ તાતારની ઉત્તરમાં આ બંને સરોવર ઘણાં મોટાં અને તેમનું પાણી ખારૂં તેથી તેઓ કોઇ વખત સમુદ્રમાં ગણાય છે.

આ દેશના લોકને મુગલ અથવા મોગલ કહે છે તેઓ મુસલમાની ધર્મ પાળે છે. તેમાંના ઘણા ખરા ઘર બાંધી એક સ્થળે રહેતા નથી, પણ આરબોની પેઠે તેમનાં ઘર સાથે લઇને ભટકતા ફરે છે. જંઘીસખાં અને તૈમુર એ બંને દુષ્ટ લુટારાઓ આ દેશના રેહેવાશી હતા, જંઘીસખાંએ હિંદુસ્થાનપર ચઢાઇ કરી સિંધુ નદી આગળ દસ હજાર હિંદુઓને પકડી મારી નાખ્યા હતા અને તૈમુરે ઇ૦ સ૦ ૧૩૯૮માં હિંદુસ્તાનપર ચઢાઈ કરી દીલ્લી વગેરે ઘણાં શેહેર લુટીને તથા બાળીને લાખો માણસને કતલ કર્યાં હતા એ તૈમુરના વંશના મોગલોએ અંતે હિંદુસ્તાનમાં બાદશાહી ભોગવી તેમાં સૌથી સરસ બાદશાહ અકબર થઇ ગયો.

મુખ્ય વેપારની જણસો—રેશમ, સુતર, રૂ, ઊન; ઢોર, ઘોડા અને ઘેટાંનાં ચામડાં.

ચીનાઈ તાર્તરી.

મુખ્ય શેહેર—યારકંદ એ એજ નામની નદીને કાં

ર્ક છે એમાં એક લાખ માણસની વસ્તી છે ને વેપાર સારો ચાલે છે. અહીં ચીનાઇ ગવર્નરની ગાદી છે.

કાશગર—એમાં મુસલમાન અને ચીના લોકની વસ્તી છે.

મુખ્ય પર્વત—આલ્તાઇએ રૂશિઆ તથા ચિનાઇ તાર્તરીની વચ્ચે છે.

મુખ્ય નદીઓ—સગેલીઅન અથવા આમુર એ આલ્તાઇ પર્વતમાંથી નીકળીને ઓકોટસ્કના સમુદ્રને મળેછે

મુખ્ય રણ—આ દેશના દક્ષિણ ભાગમાં ગોબી નામે મોટું રેતીનું રણ છે. તે ૧૪૦૦ મૈલ લાંબું અને ૭૦૦ મૈલ પોહોળું છે.

મુખ્ય બેટ—શગેલીઅન પૂર્વ દિશાએ છે.

મુખ્ય દ્વીપકલ્પ—કોરીયાનો દ્વીપકલ્પ.

આ દેશના લોક પણ મોગલ કહેવાય છે. તેઓને એક સ્થળે રેહેવું ગમતું નથી. આ દેશના કેટલાક લોક મુસલમાની ધર્મ પાળે છે. તેઓની ભટકતી ટોળીઓ તેમનાં ઢોર અને ઘોડા સાથે લઇ જયાં ચારો મળે ત્યાં તંબુ નાખી ફરતી ફરે છે. તેઓ ઘણું કરીને દુધ અને ઘોડાનું માંસ ખાઇને રહે છે. દરેક ટોળીના સરદારને ખાન કહે છે. તે ચીનના બાદશાહને ખંડણી આપે છે. આ દેશના લોકોએ ઇ૰ સ૰ ૧૬૪૪ માં ચીન દેશ જીતી લીધો ત્યારથી તેઓ ત્યાં રાજ કરે છે આ દેશ ચીનના બાદશાહને તાબે છે.

રૂશિઆનું તાર્તરી—રૂશિઆએ તાતારનો કેટલોક ભાગ જીતી લીધો તેને રૂશિઆનું તાર્તરી કહે છે.

મુખ્ય શેહેર—તાસ્કંદ.

રૂશિઆ દેશ.

આ દેશને સૈબીરિઆ પણ કહે છે. આ દેશ એશિઆ ખંડના બધા દેશો કરતાં લંબાઇ પહોળાઇમાં મોટો છે. પણ તેના પ્રમાણમાં વસ્તી ઘણી થોડી છે એના બે ભાગ છે પૂર્વ સૈબીરિઆ અને પશ્ચિમ સૈબીરિઆ.

મુખ્ય શેહેર—ટોબોલસ્ક એ પશ્ચિમ સૈબીરિઆની રાજધાની ઓબીને મળનારી ટોબોલસ્ક નદી ઉપર, એમાં એટલી બધી ટાઢ પડે છે કે પારો પણ ઠરી જાય છે.

ઇર્કુત્સ્ક—એ પૂર્વ સૈબીરીઆની રાજધાની લીના નદી ઉપર એમાં પણ ટાઢ ઘણીજ પડે છે.

મુખ્ય પર્વત—આલતાઇ પર્વત, એ સૈબીરિઆને ચીનાઇ તાર્તરીની વચ્ચે છે. યુરલ પર્વત પશ્ચિમે છે. એ બને પર્વતમાંથી સોનું રૂપું નીકળે છે.

મુખ્ય નદીઓ—ઓબી, એનીસી અને લીના એ ત્રણે આલતાઇ પર્વતમાંથી નીકળીને ઉત્તર મહાસાગરને મળે છે.

મુખ્ય અખાત—ઓબીનું અખાત ઉત્તર મહાસાગરમાં છે. અને અનાદીરનું અખાત પાસિફિક મહાસાગરમાં છે

મુખ્ય સરોવર—બેકલ એના જેવું મીઠા પાણીનું સરોવર એક નથી; બીજું બલ્કસ નૈરૂત્યમાં છે.

મુખ્ય ભૂશિર—પૂર્વ ભૂશિર એ છેક પૂર્વમાં છે. લોપાટકા એ કામશ્કાટકાની દક્ષિણેછે, અને સેવેરો ઉત્તરે છે.

આ દેશમાં કેટલાક દિવસ સુધી સૂરજ ઉગતો નથી તેથી રાત બહુ લાંબી હોયછે. ઘણી ટાઢ અને બરફ પડેછે. ત

થો જમીનમાં કંઇ પાકતુ નથી. શિયાળામાં જયારે ઘણી ટાઢ પડેછે ત્યારે લોકો ભોંયમાં ભોંયરાં કરીને રહે છે ચામડાના ડગલા પેહેરેછે તાપવાંને દેવતા રાખે છે. આ દેશમાં લોકો ઘણા જંગલીને અભણ છે, તેમને રૂશ અથવા રૂશિઅન કહે છે ને તેઓ રૂશિઅન ભાષા બોલેછે. આ દેશમાં કેટલાક મુસલમાની ધર્મ પાળે છે, અને કેટલાક મૂર્તી પૂજક છે. આં દેશપર યુરોપના રૂશિઆના બાદશાહનો અમલ ચાલે છે. તેને ઝાર કહે છે.

મુખ્ય વેપારની જણસો—સોનું રૂપુ તથા જનાવરના વાળ.

જાપાન.

ચાર બેટ મળીને જાપાન દેશ થયો છે, તેમાં નિફોન અને જેસ્સો એ બે મુખ્ય છે.

મુખ્ય શેહેર—જેડો, એ રાજધાની નિફોન બેટમાં છે, એમાં ૨૦ લાખ માણસની વસ્તી છે.

મિઆકો—એ અસલની રાજધાની એમાં વેપારનાં કારખાનાં છે.

નાગાસાકી—એ મુખ્ય બંદર છે.

સંગારની સામુદ્રધુની—નિફોન અને યસોની વચ્ચેછે.

આ દેશના લોકને જાપાની કહે છે તેઓ રૂપમાં અને રીત ભાતમાં તેમના પડોશી ચીના લોકને મળતા આવે છે પણ કેટલીક બાબતમાં ચીના લોકને ટકર મારે એવા છે. તેઓ વિદ્યા તથા કળામાં ઘણા કુશળ છે. તરવાર, ચીનાઇ વાસણ, અને રોગાનદાર સામાન એ લોકે

સારે બનાવે છે. આ દેશ રસાળ છે, એટલુંજ નહી, પણ એમાં સોનું, રૂપુ, અને ત્રાંબુ એ ધાતુઓની જબરી ખાણો છે. આ દેશના લોક બૌદ્ધ ધર્મ પાળે છે. તેઓ ઘણા ચાલાક અને સાહસિક છે. એશિઆખંડના બીજા દેશના લોક કરતાં તેઓ ઘણા હુંશિઆર છે.

મુખ્ય વેપારની જણસો—સોનું, રૂપુ, કપુર, રેસમી તથા સુતરાઉ કાપડ, ચીનાઇ વાસણ, અને રોગનદાર સામન.

ચીન દેશ.

મુખ્ય શેહેર—પેકીન, એ ઉત્તર દિશામાં પીહો નદી ઉપર છે તેમાં ૨૦,૦૦૦૦૦ વીસ લાખ) માણસની વસ્તી છે. ચીનાઇ તાર્તરીના મોગલ લોકોએ ૨૩૨ વરશ ઉપર ચીન દેશ જીતી લીધો ત્યારથી એ શેહેરમાં રાજધાની થઇ છે. એના બે ભાગ પડેલા છે. ઉત્તર ભાગમાં મોગલ લોક રહેછે અને દક્ષિણ ભાગમાં ચીના લોક રહેછે આ શેહેરમાં ચોપડીઓ છાપવાનો ને વેચવાનો ભારે વેપાર ચાલે છે.

નાનકિન—યાંગસિક્યાંગ નદી ઉપર એ પેહેલાં રાજધાનીનું શેહેર હતું. તેમાં ૧૨૦,૦૦૦૦ (બાર લાખ માણસની વસ્તી છે. તેમાં રેશમ, સાટીન, કાગળ અને સાહી બનાવવાનાં કારખાનાં છે.

કંતાનઃ—એ કંતાન નદી ઉપર દક્ષિણમાં મોટું બંદર છે એ બંદરપર હિંદુસ્થાનમાંથી અફીણ ચીન દેશમાં જાય છે. અને ચા, રેશમ, ચીનાઇ માટીનાં વાસણ અને ચાંદી વગેરે કીમતી ધાતુ પર મુલક જાય છે. એ શેહેરમાં જગ્યાની સંગાસને લીધે ઘણા લોકો નદીની અંદર વહાણ કે હોડીમાં ઘર કરી રહેલા છે તેથી નદીમાં જાણે શેહેર વસેલું હોય એમ લાગે છે. એ શેહેરમાં આંસરે ૧૫૦૦૦૦૦ (પંદર લાખ) માણસની વસ્તી છે.

૪

કીંગ ટી શીયાંગ—એમાં ચીનાઇ માટીનાં વાસણ બનાવવાનાં મોટાં કારખાનાં છે. ત્યાં ૫૦૦ ભઠ્ઠીઓ રોજ બળ્યાં કરે છે. એમાં ૧૦૦૦૦૦૦ (દશ લાખ) માણુસની વસ્તી છે.

મુખ્ય પર્વત—થિઅન શાન.

મુખ્ય નદીઓ—હોયાંગહો અને યાંગસિક્યાંગ એ બંને પાસિફિક મહાસાગરને મળે છે.

મુખ્ય બેટ—ફોરમોસા, હેનાન, લુચ્યુ, હાંગકાં બેટ એ કંતાન નદીના મુખ આગળ તે અંગ્રેજ સરકારને તાબે છે.

પૃથ્વી ઉપરના બધા દેશો કરતાં આ દેશમાં વસ્તી ઘણી છે. આખી પૃથ્વી ઉપર જે વસ્તી છે તેનો ત્રીજો ભાગ એટલે આશરે ૩૫૦૦૦૦૦૦૦ (પાત્રીસ કરોડ માણુસની વસ્તી ચીનમાંજ છે.

મુખ્ય વેપારની જણુસો—ચા, ખાંડ, સાકર, રેશમ ચાંદી, કપુર, મનોહર રેશમી કાપડ, સુતરાઉ કાપડ, રમકડાં, ચીનાઇ વાસણ, મખમલ, સાટીન કાગળનાં અને રેશમની છત્રીઓ. ફટાકાની પેટીઓ ઉત્યાદિ.

ટિબેટ.

આ દેશના બે ભાગ છે. એકનું નામ ચીનાઇ ટિબેટ અને બીજાનું નામ સ્વતંત્ર ટિબેટ.

મુખ્ય શેહેર—લાસા, એ ચીનાઇ ટિબેટની રાજધાની સાંપુ નદી ઉપર છે તેમાં બૌદ્ધ ધર્મનો મુખ્ય આચાર્ય માહાલામાં રહેછે, તેથી બૌદ્ધ ધર્મનું પવિત્ર ધામ ગણાય છે. એશિયા ખંડના જે જે દેશોમાં બૌદ્ધ ધર્મ ચાલેછે ત્યાંથી હજારો લોક આ દેશમાં જાત્રા કરવા આવે છે.

લાડક અથવા લેહ—એ સ્વતંત્ર ટિબેટની રાજધાની.

મુખ્ય પર્વત— હિમાલય, એ ટિબેટ તથા હિંદુસ્તાનની વચ્ચે છે.

કૈલાસ—એ ટિબેટની ઉત્તરે છે.

મુખ્ય નદીઓ—સિંધુ, એ સ્વતંત્ર ટિબેટના પહાડમાંથી નીકળીને હિંદુસ્તાનમાં થઇ આરબી સમુદ્રને મળે છે.

બ્રહ્મપુત્ર—ચીનાઇ ટિબેટના પહાડમાંથી નીકળીને હિંદુસ્તાનમાં આવી બંગાળાના ઉપસાગરને મળે છે.

મુખ્ય સરોવર—ટેગ્રીનોર, માન સરોવર, રાવણહ્રદ અને પાલટી.

આ દેશના લોકને ટિબેટી કહેછે. તેઓ ઘણું કરીને આપણા દેશના ભરવાડની પેઠે ભટકતા ફરેછે. આ દેશના લોકમાં જાતી ભેદ નથી. તેઓમાં ચાર પાંચ ભાઇ વચ્ચે એક બઇરી પરણવાનો ચાલ છે. તેમની રીતભાત તેમના પાડોશી ચીનાઇ તાર્તરીના તાતાર લોક જેવી છે તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે કૈલાસ અને હિમાલય વિષે વારંવાર આપણા હિંદુલોક બોલે છે તે આજ દેશમાં છે. આ દેશ પર ચીનના બાદશાહની સત્તા છે.

મુખ્ય વેપારનો જણસો—આ દેશના ઘેટાંના વાળ લાંબા ને રેશમ જેવા સુંવાળા છે. તેથી ઉન એ મુખ્ય વેપારની જણસ થઇ પડી છે. આ દેશનું બધું ઊન કાસ્મીર જાય છે. ત્યાં તેની સરસ શાળો બનાવેછે. આ દેશમાં કસ્તુરી નીકળેછે એ શિવાય અહીં સિંધવની અને સુરાખારની પણ ખાણો છે.

શિઆમ.

મુખ્ય શેહેર—બાંકોક, એ રાજધાની મીનામ નદીને કાંઠેછે. તેમાં ચાર લાખ માણુસની વસ્તી છે. પણ અરધો ભાગ તો ચીના લોકનો છે. મીનામ નદી શેહેરની વચોવચ વહેછે. તેથી શેહેરના બે ભાગ પડેલા છે. ઘણા ખરા લોક નદીમાં વાંસના ત્રાપા બાંધી તેમાં રહેછે. આ શેહેરમાં વેપાર સારો ચાલે છે.

મુખ્ય નદી—મિનામ અને કેમ્બોઝા સિઆમના અખાતને મળે છે.

મુખ્ય અખાત—શિઆમનું અખાત એ દક્ષિણ દેશમાં છે. ને ટાનકીનનું સિઆમની પૂર્વે.

મુખ્ય સામુદ્રધુમી—મલાક્કાની સામુદ્રધુની મલાયા અને સુમાત્રાની વચે છે.

મુખ્ય દ્વીપકલ્પ—મલાયાનો દ્વીપકલ્પ છે. આ દ્વીપકલ્પના લોક મલાઇ તેઓ મુસલમાની ધર્મ પાળે છે.

મુખ્ય સંયોગી ભૂમી—ક્રાની સંયોગી ભૂમિ એ શિયામ અને મલાયાના દ્વીપકલ્પની વચેછે.

મુખ્ય ભૂશિર—રોમાન્યા મલાયાનો દક્ષિણ બીંદુ.

આ દેશના લોકને શિઆમી કહે છે તેઓ બૌદ્ધ ધર્મ પાળેછે. આ દેશની જમીનમાંથી રત્ન નીકળે છે. વળી અહીંના હાથી ઘણા શોભાયમાન અને અક્કલ વાળાછે.

બ્રહ્મ દેશ

એમાં આસામ, આરાકાન, પેગુ, મારતાબાન અને ટેનાસેરીમ એ પ્રાંતો અંગ્રેજ સરકારને તાબે છે. તેનાં મુખ્ય શેહેર નીચે પ્રમાણે.

રંગુન—એ ઇરાંવતીને કાંઠે છે.

આરાકાન—એ આરાકાન નદી. ઊપર

મારટાબાન—એ મારટાબાનના અખાત ઉપર.

ઊપલા પ્રાંતો શિવાય બાકીનો મુલક બ્રહ્મદેશના રાજાને તાબે છે તેનાં મુખ્ય શેહેર નીચે પ્રમાણેઃ—

મુખ્ય શેહેર—આવા એ રાજધાની ઇરાવતીને કાંઠે છે. તેમાં એક લાખ માણુસની વસ્તી છે.

અમરપૂર—એ જુની રાજધાનીનું શેહેર ઇરાવતીને કાંઠે એમાં પણ એક લાખ માણસની વસ્તીછે.

મુખ્ય નદી—ઇરાવતી અને સાલપીન એ બંગાળાના ઊપસાગરને મળે છે.

મુખ્ય અખાત—મારટાબાનનું અખાત એ બ્રહ્મદેશની દક્ષિણે છે

મુખ્ય ભૂશિર—નીગ્રેસ, એ નૈરૃત્ય કોણમાં છે.

આ દેશના લોકને બ્રહ્મી લોક કહે છે. તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે.

મુખ્ય વેપારની જણુસો—સાગનાં લાકડાં.

પ્રકરણ ૪ થું

હિંદુસ્તાન.

મૂળનામ—આ દેશનું મૂળનામ આર્યાવર્ત હતું તેનો અર્થ એકે॰(આર્ય એટલે શ્રેષ્ટ લોક અને આવર્ત એટલે સ્થળ) શ્રેષ્ટ લોકનું સ્થળ પણ પાછળથી ભરત કરીને કોઇ પ્રતાપી રાજા થઇગયો, તેના નામ ઊપરથી આખા દેશનું નામ ભરતખંડ પડ્યું. હિંદુસ્તાન એ નામ તો આ દેશને મુસલમાનોએ આપેલું જણાય છે, કારણ કે

હિંદુસ્થાનએ ફારશી ભાષાનો શબ્દ છે. તેનો અર્થ એ કે (હિંદુ એટલે કાળા અને સ્તાન એટલે દેશ) કાળા લોકનો દેશ.

કાશ્મીરથી તે ઠેઠ કન્યાકુમારી ભૂશિર સુધી હિંદુસ્તાનની લંબાઇ ૧૯૦૦ મૈલ અને સિંધુ નદીથી તે બ્રહ્મપુત્રા નદી સુધી પહોળાઇ ૧૫૦૦ મૈલછે.

એશિઆ ખંડમાં સર્વથી વધારે વસ્તી વાળો દેશ ચીન, અને તેથી ઉતરનો આ હિંદુસ્તાન છે. એમાં (૨૫) કરોડ માણુસની વસ્તી છે.

હિંદુસ્તાનની સીમા ઉત્તરમાં હિમાલય પર્વત અને તેની પેલીપાર ટિબેટ; પૂર્વમાં બ્રહ્મદેશ અને બંગાળાનો ઉપસાગર; અને પશ્ચિમે અફગાનીસ્તાન, બલૂચી સ્તાન, અને આરબી સમુદ્ર છે. દક્ષિણે હીંદી મહાસાગર.

હિંદુસ્તાનના મુખ્ય પર્વત.

૧ હિમાલય—(હિમ એટલે બરફ આલય એટલે બરફની જગ્યા) આપર્વત આખી દુનિઆમાં સર્વથી ઉંચામાં ઉંચો પર્વત છે. તેથી તેને ગિરીરાય એટલે પર્વતનો રાજા કહેછે તે પાંચ મૈલ ઉંચો છે, આ પર્વત હિંદુસ્તાનની ઉત્તરમાં એક મોટા કોટની પેઠે આવી રહેલોછે.

૨ હિંદુકુશ—હિંદુસ્તાનની વાયવ્ય દિશાએ.

૩ કર્કોરામ—કાસ્મીરની ઉત્તરે.

૪ શિવાલિક પહાડ—નેપાલ ને ભૂતાનની દક્ષિણે.

૫ સુલેમાન—પંજાબની પશ્ચિમે.

૬ હાલા—સિંધ પ્રાંતની પશ્ચિમે.

૭ અરેવલી—રજપૂતાનામાં.

૮ આબુનો પાહાડ—અરેવલી પર્વતની દક્ષિણે.

૯ વિંધ્યા--મધ્ય હિંદુસ્તાનમાં નર્મદા નદીની ઉત્તરે

૧૦ સાતપુડા--મધ્ય હિંદુસ્તાનમાં નર્મદા અને તાપી નદી વચ્ચે.

૧૦ સંહ્યાદ્રી અથવા પશ્ચિમઘાટ--હિંદુસ્તાનના પશ્ચિમ કિનારે તાપી નદીથી તે કોમોરિન ભૂશિર સુધી.

૧૧ પૂર્વઘાટ--હિંદુસ્તાનના પૂર્વ કિનારે મહા નદીથી તે કોમોરિન ભૂશિર સુધી.

૧૨ નિલગરિ--મ્હૈસોર પ્રાંતની દક્ષિણે.

હિંદુસ્તાનના મુખ્ય બેટ.

૧ મુંબઇ } હિંદુસ્તાનની પશ્ચિમે અરબી
૨ સાલસેટ (સાષ્ટી) } સમુદ્રમાં

૩ લક્ષદ્વિપ } હિંદુસ્તાનની નૈરૂત્ય દિશાએ
૪ માલદીવ બેટો } હિંદી મહાસાગરમાં

૫ સીલોન (લંકા) --હિંદુસ્તાનની દક્ષિણે હિંદી મહાસાગરમાં

૬ આન્ડામન બેટો } હિંદુસ્તાનની પુર્વે બંગાળાના
૭ નિકોબાર બેટો } ઉપસાગરમાં.

૮ મગર્વી બેટો--બ્રિટિશ બરમાની પશ્ચિમે બંગાળાના ઉપસાગરમાં.

કાઠીઆવાડ દ્વીપકલ્પ--હિંદુસ્થાનની પશ્ચિમે કચ્છ અને ખાંબાતની વચ્ચે.

મુખ્ય ભૂશિર.

૧ દીવ--કાઠીઆવાડની દક્ષિણે.

૨ કોમોરીન--હિંદુસ્તાનની દક્ષિણે.

૩ કેલિમીયર--હિંદુસ્તાનની અગ્નિ દિશાએ.

૪ પાલમાઇરા--હિંદુસ્તાનની પૂર્વે.

૫ નીગ્રેસ--બ્રિટિશ બરમાની પશ્ચિમે.

હિંદુસ્તાનના કિનારા.

૧ મલબાર કિનારો—હિંદુસ્તાનની નૈરૃત્ય દિશાએ.
૨ કોરોમોન્ડલ કિનારો—હિંદુસ્તાનની અગ્નિ દિશાએ

મુખ્ય સરોવર.

૧ વલર—કાશ્મીરમાં.

૨ મન્ચર—સિંધ પ્રાંતમાં

૩ સમ્ભર } રજપૂતાનામાં.
૪ સર }

૫ ચિલ્કા } હિંદુસ્તાનના પૂર્વ કિનારાપર
૬ પુલીકત }

હિંદુસ્તાનના સમુદ્ર અને અખાત.

૧ અરબી સમુદ્ર—હિંદુસ્તાનની પશ્ચિમે.

૨ કચ્છનો અખાત—કાઠીઆવાડ દ્વીપકલ્પની વાયવ્ય દિશાએ.

૩ ખંભાતનો અખાત—કાઠીઆવાડ દ્વીપકલ્પની પૂર્વ દિશાએ.

૪ મનારનો અખાત—હિંદુસ્તાન અને સીલોનની વચ્ચે.

૫ બંગાળાનો ઉપસાગર—હિંદુસ્તાનની પૂર્વે.

સામુદ્રધુનિ.

પાકની સામુદ્રધુનિ—હિંદુસ્તાન અને સીલોનનીવચ્ચે

હિંદુસ્તાનની મુખ્ય નદીઓ.

નદીઓ—સિંધુ, નર્મદા, તાપી, મહી, સાબરમતી, ગંગા, જમના, બ્રહ્મપુત્રા, સુવરણરેખા, વૈતરણી ગોદાવરી, મહાનદી, કૃષ્ણા, પલાર, પનાર, દક્ષિણ પનાર, કાવેરી.

બ્રહ્મપુત્રા—એ ચિનાઇ ટિબેટના પહાડમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

સિંધુ અથવા અટક—એ સ્વતંત્ર ટિબેટના પહાડમાંથી નીકળીને કાશ્મીર, પંજાબ અને સિંધ પ્રાંતમાં થઇને કરાંચી આગળ આરબી સમુદ્રને મળે છે.

સિંધુને મળનારી નદીઓ પાંચ છે—જલમ, બીઆ, રવી, ચીનાબ. અને સતલજ.

ગંગા—એ હિમાલય પર્વતમાંથી નીકળીને બંગાળાના ઉપસાગરને મળે છે.

ગંગાને મળનારી નદીઓ—જમના, રામગંગા, ગોમતી, ગોગ્રા, સઇ, શોણ, ગંડકી ને કુશી.

જમના—એ હિમાલય પર્વતમાંથી નીકળીને પ્રયાગ આગળ ગંગાને મળે છે.

જમનાને મળનારી નદીઓ—ચંબલ, બેતવા.

મહાનદી, સાતપુડામાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે.

ગોદાવરી—નાશક આગળ સંહ્યાદ્રીમાંથી નીકળી નીઝામના રાજ્યની ઉત્તરમાં થઇને બંગાળાના ઉપસાગરને મળે છે.

ગોદાવરીને મળનારી નદીઓ—વૈનગંગા, વરધા, પેનગંગા, મંજેરા.

કૃષ્ણા—સંહ્યાદ્રીમાંથી નીકળી નિઝામના રાજ્યની દક્ષિણમાં થઇને બંગાળાના ઉપસાગરને મળેછે.

કૃષ્ણાને મળનારી નદીઓ—ભીમા, તુંગભદ્રા.

સુવરણરેખા, બ્રાહ્મણી, વૈતરણી, એ ત્રણ છોટાનાગપુર અગળથી નીકળી બંગાળાના ઉપસાગરને મળેછે.

પનાર, પલ્લાર અને દક્ષિણ પનાર નદી—દક્ષિણમાં માહીસોર અને કર્ણાટક પ્રાંતમાં વહીને બંગાળાના ઉપસાગરને મળેછે.

કાવેરી— સંહ્યાદ્રીમાંથી નીકળી મ્હૈસુર અને કર્ણાટક પ્રાંતમાં થઇને બંગાળાના ઉપસાગરને મળેછે.

નર્મદા અને તાપી—એ બંને સાતપુડામાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.

મહી—માળવાના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળે છે.

સાબરમતી—મહીકાંઠાના ઉત્તરના પહાડમાંથી નીકળીને ખંભાતના અખાતને મળેછે.

અરબી સમુદ્રને મળનારી નદી—સિંધુ.

ખંભાતના અખાતને મળનારી નદીઓ—નર્મદા, તાપી, મહી, સાબરમતી.

બંગાળાના ઊપસાગરને મળનારી નદીઓ—બ્રહ્મપુત્રા, ગંગા, હુગલી, સુર્વણરેખા, બ્રાહ્મણી વૈતરણી, મહાનદી, ગોદાવરી. કૃષ્ણા, પનાર, પલાર, દક્ષિણપનાર, કાવેરી.

આ દેશના ત્રણ ભાગ કરેલા છે. ઉત્તર હિંદુસ્તાન, મધ્ય હિંદુસ્તાન, અને દક્ષિણ હિંદુસ્તાન અથવા દખણ.

ઉત્તર હિંદુસ્તાન—હિમાલય પર્વત અને શિવાલીક પહાડની વચ્ચે છે.

મધ્ય હિંદુસ્તાન—શિવાલીક પહાડ અને નર્મદા નદીની વચ્ચે છે.

દક્ષિણ હિંદુસ્તાન—નર્મદા નદીની દક્ષિણનો બધો ભાગ તેને દક્ષિણ હિંદુસ્તાન કહે છે.

ઊત્તર હિંદુસ્તાનમાં ૩ પ્રાંત છે.

કાશ્મીર—કાશ્મીર અથવા શ્રીનગર જેલમ નદી ઉપર.

નેપાલ—ખટમંડુ.

ભૂતાન—ટ્યાસિટયુડન.

મધ્ય હિંદુસ્તાનમાં ૧૪ પ્રાંત છે.

પ્રાંત	મુખ્ય શેહેર.
બંગાળા......	**કલકતા** હુગલી નદી ઊપર; **ઢાકા** ને **મુરશિદાબાદ,** અને **પલાસી.**
બહાર........	**પટણા** ને **મોંગીર** એ બંને ભાગીરથીને કાંઠે છે તેમાં **પટણા** એ અફીણ ને ગળીના વેપારનું મુખ્ય સ્થળ છે. એ શિવાય **ભાગલપોર, દીનાપોર, બક્સર, રાજમહાલ.**
અલાહબાદ ...	**પ્રયાગ** એ ગંગા અને જમુના નદીના સંગમ ઊપર, અને **કાશી** ગંગાને કિનારે, તે આખા હિંદુસ્તાનમાં પવિત્ર તીર્થ ગણાય છે. અને સંસ્કૃત ભાષાના પંડિતોનું મુખ્ય સ્થળ છે. એમાં કાશીવિશ્વનાથ મહાદેવનું દેહેરૂં છે. આ શેહેરમાં દેવળ ઘણાં સાંકડાં છે. **મીરજાપુર**—રૂના વેપારનું મથક છે. એ શિવાય **ચુનાર, કલિંજર** અને **જુઆનપુર**
અયોધ્યા......	**લખનોર**—ગોમતી નદીને કાંઠે. **અયોધ્યા**—એ સર્યુ અથવા ગોગ્રા નદીને કાંઠે, એમાં રામચંદ્રનો જન્મ થયાને લી

ધે પવિત્ર ગણાય છે. અને **ફ્રેજાબાદ.**

દીલ્હી........**દીલ્લી** જમનાને કિનારે, એ આગળ મુસલમાન રાજાઓના વખતમાં હિંદુસ્તાનની રાજધાની હતી, તેથી એમાં મશીદો અને મીનારા જોવા લાયક છે, તેમાં મુખ્યત્વે કરીને બાદશાહી મેહેલ ખરેખર જોવા લાયક છે, તે સર્વ ઇમારતોથી ઘણો ઊંચો છે. તે ૧૦૦૦ યાર્ડ લાંબો ને ૬૦૦ યાર્ડ પહોળો છે. તે બંધાવતાં રૂપીઆ ૧૦૫,૦૦૦,૦૦ ખરચ થયેલો છે શાહાજહાં બાદશાહે કરાવેલું અમુલ્ય મયુરાસન સુવર્ણ હીરા અને રત્નથી જડીત, તે આજ મેહેલમાં હતું. જુમામશીદ કરીને એક મોટી અને સુંદર મશીદ છે. તે આખા હિંદુસ્તાનમાં મુસલમાન લોકને ભક્તિ કરવાનું મુખ્ય સ્થળ છે ગુલામવંશના બાદશાહ કુતુબદ્દીને અહીં એક મીનારો કરાવેલો છે તેને કુબુત મીનાર કહેછે. તેનો પરિઘ ૧૪૩ ફુટ છે તે પેહેલાં ૨૪૨ ફુટ ઊંચો હતો, પણ ઉપરનો કેટલોક ભાગ તુટી પડયાથી હાલ ૧૧૦ ફુટ રહેલો છે દીલ્હી શેહેરની ઉતરે **પાનીપતનું** પ્રખ્યાત રણક્ષેત્ર (યુદ્ધનું સ્થળ છે,) માહાભારતમાં કહેલુ કૌરવ અને પાંડવનું યુદ્ધ એમાં થયું હતું,

એ શિવાય **મીરત, સરહીંદ**

આગ્રા......**આગ્રા** જમનાને કિનારે, એ અકબર બા
દશાહની રાજધાની.
ગ્વાલિઅર--એ સિંધીઆ સરકારની રાજ
ધાની. **કનોજ** અને **કાનપુર** ગંગાને કિ
નારે, **મથુરાં.**

પંજાબ......**લાહોર** રવી નદીને કિનારે એ શીખ લો
કની રાજધાની.
અમૃતસર-એ શીખ લોકનું પવિત્ર શેહે
ર અને વેપારનું મથક છે. **સીમલા**--આ
શેહેરની હવા ઘણી થંડી ને સુખ કરતા
છે તેથી હિંદુસ્તાનનો ગવર્નર જનરલ ઘ
ણું ખરૂં અહીં રહેછે.

મુલતાન......**મુલતાન** ચીનાબ નદી ઉપર, એમાં રેશ
મી તથા સૂતરાઉ કાપડ અને શાલો બને
છે આ શેહેરમાં કોહીનૂર (પ્રકાશનો પર્વત
એ નામનો કીમતી હીરો અંગ્રેજ સરકા
રના હાથમાં આવ્યો તે હાલ આપણી મ
હારાણી વિક્ટોરિયાના મુગટમાં બીરાજે છે

રજપૂતસ્થાન..અજમેર (એ લુણી નદી ઉપર,) અંગ્રેજ
સરકારને તાબે છે. એ શિવાય જેપૂર,
ઉદેપૂર, અને જોધપૂર.

માળવા......**ઉજ્જન** નગરી ક્ષીપ્રા નદી ઉપર એમાં
પેહેલાં ધર્મ ધુરંધર અને પરદુઃખ ભજંન
વિક્રમ રાજાની રાજધાની હતી. તે વિક્ર
મ રાજાનો સંવત મધ્ય હિંદુસ્તાનમાં

ચાલેછે. તેને આજ ૧૯૪૩ વરસ થયાં.

ઈંદોર–હોલકર સરકારની રાજધાની.

ગુજરાત.....**અમદાવાદ** એ સાબરમતીના પૂર્વ કિનારા ઉપર છે. તે સુલતાન અહમદે ઇ. સ. ૧૪૧૧ માં વસાવ્યું હતું. તેમાં ૧૨૦૦૦૦ માણસની વસ્તી છે. તેને ફરતો મજબુ તકિલ્લો છે. મુંબઇથી ઉતરતું ગુજરાતમાં આજ શેહેર છે.

સુરત–તાપી નદીના દક્ષિણ કિનારા પર છે. તે પેહેલાં ઘણું પ્રખ્યાત હતું પણ રેલ આવ્યાથી પડી ભાગ્યું છે. એમાં અંગ્રેજોએ ઇ૦ સ૦ ૧૬૧૨ માં પ્રથમ વેપારની કોઠી ઘાલી હતી.

ભરૂચ—નર્મદાના ઉત્તર કિનારા ઉપર છે.

વડોદરા—એ ગાયકવાડ સરકારની રાજધાની વિશ્વામિત્રી નદી ઉપર એમાં દોઢ લાખ માણસની વસ્તી છે.

ખંભાત—એ ખંભાતના અખાત ઉપર એ પહેલાં મોટું બંદર હતું. પણ રેલવે થયાથી તે પડી ભાગ્યું છે એમાં નવાબનું રાજ છે.

કછ..........ભુજ એ સંવત ૧૬૦૫ માં રાવ શ્રી ખેંગારજીએ વસાવ્યું.

માંડવી બંદર કછના અખાત ઉપરછે.

સિંધ..........**હેદરાબાદ, ઠઠ્ઠા,** એ બંને સિંધુ નદી ઉપર **કરાંચી,** એ આરબી સમુદ્ર ઉપર મોટું બંદર છે, **ઉમરકોટ.**

કાઠિયાવાડ......રાજકોટ એમાં પોલિટિકલ એજંન્ટ રહે છે તે અહીંના રાજાઓ ઊપર દેખરેખ રાખે છે.
એ શિવાય ભાવનગર, જુનાગઢ, નવાનગર, પોરબંદર, એ મોટાં શેહેર છે.

દક્ષિણ હિંદુસ્થાનમાં ૮ પ્રાંતછે.

પ્રાંત	મુખ્ય શેહેર.
મહારાષ્ટ્ર........	**પુના** એમાં પહેલાં પેશવા સરકારની રાજધાની હતી. **સતારા** એ મરેઠા લોકના રાજ્યની મૂળ ગાદીનું સ્થળ, **મહાબળેશ્વર.**
નિઝામનું રાજ્ય..	**હૈદરાબાદ** એ નિઝામ સરકારની રાજધાની કૃષ્ણાને મળનારી મુશી નદી ઉપર છે. એ શિવાય **ઔરંગાબાદ, દાલતાબાદ, બેદર, ગોવળકોંડા, સિકંદ્રાબાદ**
ઓડીયા........	**કટક,** મહાનદી ઊપર અને **જગંનાથ.**
ઉત્તર સરકાર...	**મછલીપટ્ટણ** અને **રાજમંદ્રી,** એ શિવાય **ગંજામ વિસાગાપટ્ટણ** અને **ગંતુર.**
મ્હૈસુર..........	**મ્હૈસુર,** એ રાજધાની. અને **શ્રીરંગપટ્ટણ,** કાવેરી નદીમાંના એક બેટ ઉપર બાંધેલું છે. તે હૈદર અને ટીપુસુલતાનની રાજધાનીનું શેહેર સને ૧૭૯૯માં અંગ્રેજ સરકારને હાથ આવ્યું અને **બંગલોર.**
મલબાર.........	**કાનાનોર** એ શિવાય **ટાલીચરા,** ને **કાલીકટ.**
ત્રાવણકોર......	**ત્રીવનદ્રામ.**

કર્ણાટક........આર્કાટ, એ શિવાય પોંદીચરી ત્રિચી
નાપલી, તંજાવર, મધુરા, ત્રાંકવીબા
ર, નાગાપટન, કોઇમથુર, તિનવલી.

ઊપર કહેલા પ્રાંતના ૭ ઇલાકા કરેલા છે, તેમનાં નામ. મુંબઇ, મદ્રાસ, બંગાળા, આગ્રા, પંજાબ, અને મધ્યપ્રાંત.

બંગાળા ઇલાકો—એમાં બંગાળા, બહાર, ઓઢીઆ, આસામ અને આરાકાન વગેરે પ્રાંત આવેલા છે. તેઓનાં મુખ્ય શેહેર,

કલકત્તા, મુર્શિદાબાદ, ઢાકા, બર્દવાન, બ્રહ્માનપુર, ચીતગાંવ, શ્રીરામપુર, ચંદ્રનગર, દારજીલીંગ, બહાર, પટણા, મોંગીર, દીનાપુર, ભાગળપુર રાજમહાલ, ગયાજી, બક્ષર, કટક, બાલાસુર, જગંન્નાથ, આસામ, આરાકાન, રંગુન, મારટાબાન.

આગ્રા ઇલાકો—એમાં આગ્રા, અલાહાબાદ અને અયોધ્યા, એ પ્રાંતો આવેલા છે. અને તેનાં મુખ્ય શેહેરો

કાશી, આગ્રા, પ્રયાગ, મીરજાપોર, ચુનાર, કલીંજર કાનપોર, લખનોર, જૌનપુર, કનોજ ગોવાલીઅર, કાલ્પી, ફૈજાબાદ, હરદ્વાર, ને શહાજહાનપુર, વગેરે.

પંજાબ ઇલાકો—એમાં પંજાબ, મુલતાન, સતલજ કાંઠાપરનાં સંસ્થાન, અને દીલ્લી વગેરે છે. અને તેનાં મુખ્ય શેહેરો.

લાહોર. મુલતાન. અમૃતસર, પેશાવર, અટક, રાવલપીંડી, ભાવલપુર લુધીઆના, દીલ્લી, સરહીંદ, મીરત, સહારણપુર, ને પાનીપત.

મધ્ય પ્રાંતો—એમાં મધ્ય પ્રાંતો આવેલા છે. તેનાં મુખ્ય શેહેરો નાગપુર, ઉમરાવતી, ઇલીચપુર, ચાંદા, સ

બલપુર, રતનપુર, જબલપુર, હુશીંગાબાદ, મઊ, નીમજ, ભોપાળ, સાગર, રતલામ.

મુંબઇ ઇલાકો—એમાં સિંધ, કછ. ગુજરાત, મહારાષ્ટ્ર, અને દક્ષિણ મહારાષ્ટ્ર, એ પ્રાંત આવેલા છે. અને તેનાં મુખ્ય શેહેરો.

શીકારપુર, હૈદરાબાદ, કરાંચી, અમદાવાદ, ખેડા, ભરૂચ, સુરત, થાણા, ધુળીઆ, અહમદનગર, નાસીક. પુણા, સતારા, સોલાપુર, બેલગામ, ધારવાડ, કલાદગી. હોનાવર રત્નાગીરી, કોલાબા એ ઊપલા જીલ્લાના મુખ્ય શેહેરો. એ શિવાય ખૈરપુર, ભૂજ, માંડવી, નવાનગર, રાજકોટ, જુનાગઢ ભાવનગર. ખંભાત, વડોદરા, માલેગામ. કોલ્હાપુર, સાંવતવાડી, ગોવા વગેરે બીજાં શેહેરો છે.

મદ્રાસ ઇલાકો—એમાં ઉતરસિરકાર, કર્ણાટક, મલબાર, મ્હૈસુર, અને તેલંગણ, એ પ્રાંત આવેલા છે. અને તેનાં મુખ્ય શેહેરો.

મદ્રાસ, મછલીપટણ, ચીતુર, ત્રીચીનાપલી, ટાલીચરી, ગંજામ, વિસાગાપટણ, રાજમંદ્રી, ગંતુર. વીજયનગર, પોન્ડીચરી, આર્કાટ, તંજાવર, મધુરા, ત્રાંકવીબાર, વિસાખાપટ્ટણ, તીનવલી, બેલારી. કડપા, માંગલોર, કાનાનોર, કેલીકટ, શ્રીરંગપટણ, ત્રિવનદ્રામ, કોઇમથુર.

મુંબઇ ઇલાકાનાં મુખ્ય શેહેર—મુંબઇ બેટ, એ આખા હિંદુસ્તાનમાં સર્વથી શ્રેષ્ટ બંદર છે. આ શેહેરનાં ઘરો ઘણાં ઊંચાં, વિશાળ, અને શોભાયમાન છે. જુદી જુદી જાતના જેટલા લોકો આ શેહેરમાં દીઠામાં આવે છે. તેટલા દુનિઆમાં બીજા કોઇ શેહેરમાં દેખાતા નથી, જેવા કે હિંદુ, પારસી (ઇરાની) મુસલમાન, અંગ્રેજ પો

ર્તુગીઝ, મોગલ, જયુ, સીદી, આરબ, અફગાન, અને ચી
ના લોક. આ શેહેરનું પાણી પહેલાં ઘણું ખરાબ હતું તે
થી સરકારે વિહાર અને તુલસી એ બે સરોવરમાંથી ન
ળને મારગે ઘણું કરીને દરેક ઘરમાં પાણી આપેલું છે.

આ શેહેરના બે ભાગ છે. કોટ અને બહારકોટ, ઘણું કરીને સરકારી આફીસો. મોટા મોટા વેપારીઓની દુકાનો અને જોવા લાયક મોટાં મોટાં પથરનાં મકાનો કોટમાંજ છે. ટાઉનહાલ (પૂરાયલ) આગળ અર્ધચંદ્રાકારની અને એકધારી પથરની મોટી મોટી ઇમારતો ગોળાકારમાં આવી રહેલી છે. તે જોવા લાયક છે. એ શિવાય હાલમાં બીજાં ઘણાં સુશોભીત પથરનાં મકાનો બંધાય છે, ત્યાં આગળ ઊભા રહી જોઈએ, તો જાણે વિલાયતમાંજ ઊભા છીએ એવું લાગે છે. આ શેહેરમાં સુતराઊ કાપડ વણવાના ઘણા સંચા ચાલે છે.

મુંબઇ ઇલાકાનો ગવરનર અહીં રહે છે. ઇનસાફની મોટી કોરટો પણ અહીંજ છે.

મુંબઇ બેટ પહેલાં પોર્તુગીઝ લોકોના હાથમાં હતો. પણ જયારે ઇંગ્લાંડનો બીજો ચાર્લ્સ રાજા ઇ૦ સ૦૧૬૬૧ માં પોર્તુગાલના રાજાની કન્યા કેથેરાઇનને પરણ્યો, ત્યારે તેને પેહેરામણીમાં આ બેટ મળ્યો હતો. હાલ મુંબઇમાં ૬૪૪૪૦૫ માણુસની વસ્તી છે. તેમાં મુખ્યત્વે કરીને પારસી, ભાટીયા, અને ખોજા, પૈસાદાર અને સફરી વેપારી છે.

મુંબઇમાં નીચે લખેલી જગ્યાઓ જોવા લાયક છે.

કોટમાં ટાઉનહાલ, (પૂરાયલ) એલફિસ્ટન સરકલ ગોદી, ટંકશાળ, કોલાબાની દીવાદાંડી, અને આબઝર વેટરી, (વેદશાળા) યુનીવર સીટીહોલ, રાજાબાઇ ટાવર.

બહારકોટ--ક્રાફ્રડ મારકેટ, રાણીનો બાગ, સંગ્રહ સ્થાન, (મ્યુઝીયમ) એલફિસ્ટન કોલેજ, (પાઠશાળા)

મદ્રાસ ઇલાકાનું મુખ્ય શેહેર--મદ્રાસ એ દક્ષિણ હિંદુસ્તાનમાં કારોમાંડલ કિનારા ઉપર મોટું બંદર છે. ઇ૦ સ૦ ૧૬૩૯ માં અંગ્રેજ લોકોએ ફોરટસેંટજયોર્જ બાંધેલો તેની આસપાસ વસ્તી વધીને એ શેહેર બનેલું છે. એમાં ૪૦૦૦૦૦ ચાર લાખ માણસની વસ્તી છે.

બંગાળા ઇલાકાનું મુખ્ય શેહેર—કલકત્તા, એ આખા હિંદુસ્તાનની રાજધાની હુગલી નદી ઉપર અહીં ગવર્નર જનરલ રહે છે. એને વાઇસરાય કે રાજ પ્રતિનિધી કહે છે. ગવર્નર જનરલના હાથ નીચે બીજા ઇલાકાના ગવર્નરો છે. ગોરા લોકનું શેહેર અને કાળા લોકનુ શેહેર એવા આ શેહેરના બે ભાગ છે. ગોરા લોકના શેહેરમાં ઘરો શોભાયમાન, અને રસ્તા પહોળા છે, પણ કાળા લોકના શેહેરમાં આશરે ૫૦૦૦૦૦ (પાંચ લાખ) માણસની વસ્તી છે.

આગ્રા ઇલાકાનું મુખ્ય શેહેર--આગ્રા એ અકબર બાદસાહની રાજધાની જમના નદીને કીનારે છે તે ચાર મૈલ લાંબુ અને તેમાં એક લાખ માણસની વસ્તી છે. એ શેહેરમાં મોટી મોટી ઇમારતોનાં જુનાં ખંડેર ઘણાં છે. પણ ઘણી મોટી સુંદર અને જોવા લાયક ઇમારત તાજમેહેલ છે. તે શાહજહાં બાદશાહે પોતાની રાણી નુરજહાં (દુનિયાના પ્રકાશ)ની યાદગીરી રાખવા માટે ઇ૦ સ૦ ૧૬૪૦ માં બંધાવ્યો હતો. આખી પૃથ્વી ઉપર એના જેવી એકે ઇમારત નથી.

એ તાજમેહેલ બાંધવાનું કામ (૨૨) વરસ સુધી ચાલ્યું હતું, તેમાં વીશ હજાર માણસ કામે લગાડયાં હતાં તે બાંધવાનો ખરચ આશરે ચાર કરોડ રૂપીઆ થયો હતો.

એ સિવાય અકબર બાદસાહનો મેહેલ, અકબરની કબર, અકબરની મશીદ, અને ઔરંગજેબની મશીદ, એ જોવા લાયક છે,

પંજાબ ઇલાકાનું મુખ્ય શેહેર—લાહોર, એ રાવી નદીને કાંઠેછે. એમાં પંજાબ ઇલાકાનો લેફ્ટેનેન્ટ ગવર્નર રહે છે. આ શેહેરમાં દેહેરાં, મશીદો, ને દેવળો વગેરે ઘણી સારી ઇમારતો છે. સને ૧૮૪૯ માં આ શેહેર અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું. આ શેહેરમાં અકબર બાદશાહનો બંધાવેલો મુગલાઇ મેહેલ જોવા લાયક છે.

મધ્ય પ્રાંત એનું મુખ્ય શેહેર—નાગપુર, આ શેહેરમાં રેશમી કોરનાં ધોતીઆં, પાઘડીઓ, સાડીઓ, ફીનખાપ અને છીંટ વગેરે કાપડ ઘણું થાય છે. અહીંનો રાજા વારસ વગર મરી ગયો તેથી સને ૧૮૫૩ માં આ પ્રાંત અંગ્રેજી રાજયમાં જોડી નાખ્યો,

હિંદુસ્તાનની મુખ્ય નદીઓ ઉપરનાં શેહેર.

૧ સિંધુ અથવા અટક નદી ઉપર	પેશાવર, અટક, હેદરાબાદને ઠઠ્ઠા કરાંચી લારખાના, સક્કર, બક્કર, મીથુન કોટ, દેરાઇસમાઇલખાં; કાલાબાગ.

ઝેલમ ઉપર—કાશ્મીર અથવા શ્રીનગર............ ૨
રાવી ઉપર—લાહોર... ... ... ૩
બીઆસ—જલંદર ૪
ચીનાબ ઉપર—મુલતાન ૫

સતલજ—લુધીઆના, અલીપાલ ૬
બ્રહ્મપુત્રા ઉપર—જમાલપુર, ગોવળપારા, વિશ્વનાથ, દરંગ ૭
ગંગા ઉપર—હરિદ્વાર કાનપુર, મીરજાપુર, અને કાશી ૮
ભાગીરથી ઉપર—પટણા, મોંગીર, ભાગલપુરં, અને
મુર્શીદાબાદ ૯
હુગલી ઉપર—કલકત્તા, શ્રીરામપુર ૧૦
જમના ઉપર—દીલ્હી, આગ્રા, ગોકુળ અને મથુરાં ૧૧
ચંબલ ઉપર—ધોળપુર અને કોટા ૧૨
ગોગ્રા—ઔંદ, (અયોધ્યા) ૧૩
શોણ—દીનાપુર, બક્ષર, રાજગડ ૧૪
ગોમતી—લખનોર, ફૈજાબાદ ૧૫
સાબરમતી ઉપર—અમદાવાદ... ... ... ૧૬
નર્મદા ઊપર—ભરૂચ, મંડળેશ્વર, અને જબલપુર... ૧૭
તાપી ઊપર—સુરત, રાંદેર, બ્રહાનપુર... ... ... ૧૮
મહી ઊપર—ખંભાત અને લુણાવાડા... ... ... ૧૯
મહાનદી ઉપર—કટક અને સંબલપુર... ... ... ૨૦
ગોદાવરી ઊપર—નાશક, ઔરંગાબાદ, અને રાજમંદ્રી ૨૧
કૃષ્ણા ઊપર—મછલીપટ્ટણ, ગંતુર ૨૨
તુંગભદ્રા ઊપર— કર્નુલ, હમસાગટ ૨૩
કાવેરી ઊપર—શ્રીરંગપટ્ટણ, ત્રીચીનાપોલી, અને તંજાવર ૨૪

હિંદુસ્તાનનાં મુખ્ય બંદર

પૂર્વમાં કલકત્તા હુગલી નદી ઊપર

કારોમાંડલ કિનારા ઉપર—ગંજામ વિશાગાપટ્ટણ, મછલીપટ્ટણ, મદ્રાસ, પોંદીચરી, કડલુર, નીગાપટ્ટણ, અને તુતીકોરીન.

મલબાર કિનારા ઉપર—મુંબઈ, રત્નાગીરી, ગોવા, મંગલોર, કાનાનોર, ટાલીચરી, કાલીકટ, અને કોચીન, એમાં મોટાં મોટાં વહાણો બંધાય છે.

ગુજરાતનાં મુખ્ય બંદર—ખંભાત, ભરૂચ, સુરત, વલસાડ અને દમણ.

કાઠીઆવાડનાં મુખ્ય બંદર—ધોલેરા, ભાવનગર, ઘોઘા, જાફરાબાદ, વેરાવળ, માંગરોળ, અને પોરબંદર.

કછમાં—માંડવી બંદર કછના અખાત ઊપર.

સીંધમાં—કરાંચી બંદર અરબી સમુદ્ર ઊપર.

હિંદુસ્તાનમાં બનાવટ અને પાકને માટે પંકાયલાં શેહેર.

કાશ્મીરમાં—સૌથી સરસ શાલો બને છે.
શિરોઇમા—તરવાર.
પાટણમાં—પટોળાં. સુડી, ને માટીના ભોટવા.
માંગરોળમાં—સોપારી.
માળવામાં—અફીણ.
પૈઠણમાં—પાઘડીઓ,
મલબારમાં—લાકડાં, મરી તથા નાળીએર.
નાસકમાં—જળપાત્ર.
કાશીમાં—લોટા ને પીતાંબર.
જેપુરમાં—ચિત્ર.
નાગપુરમાં—રેશમી કોરનાં ધોતીઆં.
ઢાકામાં—સૌથી સરસ મલમલ થતું
મછલીપટ્ટણ—મલમલ, છીંટ
બુંદેલખંડ, ઓરીસા ને ગોવલકોંડામાં } હીરા.
મથુરામાં—પેંડા.
અમદાવાદમાં—મશરૂ.
સુરત—જરરી,
ખંભાતમાં અકીકના પથરા
કપડવંજમાં કાચ ને સાબુ.

દ્વી નામી એટલે જેનાં બે નામ હોય તેવાં પ્રાંત, શેહેર, નદીઓ, બેટ અને પર્વત.

માળવા--જાંબુદ્વીપ	આગ્રા--અકબરાબાદ.
કાઠીઆવાડ--સોરઠ.	ગંગા--ભાગીરથી.
ઓઢીઆ--ઓરીસા.	જમના--યમુના.
અમદાવાદ--રાજનગર.	સિંધુ--અટક
કાશી--બનારસ, વણારશી.	બ્રહ્મપુત્રા--સાંપુ.
પ્રયાગ--અલાહબાદ,	નર્મદા--રેવા.
દિલ્લી--હાસ્તનાપુર.	ગોગ્રા--શરયુ.
દોલતાબાદ-દેવગડ.	લંકા--સિંહલદ્વીપ.
જગન્નાથ--પુરી.	સંહ્યાદ્રી--પશ્ચિમઘાટ.

હિંદુસ્તાનનાં મુખ્ય તીર્થ અને પવિત્ર નદીઓનાં ચારે દિશાનાં મુખ્ય તીર્થ

ઉત્તરમાં--બદ્રીનાથ

પૂર્વમાં--જગન્નાથ, દરિઆ કિનારે.

દક્ષિણમાં--શ્વેતબીંદુ રામેશ્વર.

પશ્ચિમમાં--દ્વારિકા.

મધ્ય હિંદુસ્તાનમાં આવેલાં તીર્થ

ગયાજી (ત્યાં પિતાનું શ્રાધ થાય છે;) કાશી પ્રયાગ,ગોકુળ, મથુરાં, હરિદ્વાર, અને શ્રીનાથજીબાવા (મેવાડમાં)

ગુજરાતની ઉત્તરે આરાસુરના પર્વતમાં અંબાજી ચુવાળમાં બહુચરાજી.

સીધપૂર આગળ--સરસ્વતી નદી એને કુમારીકા ક્ષેત્ર કહે છે. ત્યાં માતાનું શ્રાદ્ધ થાય છે.

પંચમહાલમાં પાવાગઢ ઉપર કાલિકા. એ શિવાય શ્રામળાજી, ડાકોરમાં રણછોડજી. ચાંદોદ અને કન્યાળી,

દક્ષિણમાં--નાશક, ત્ર્યંબક, અને પંઢરપૂર.

શ્રાવક (જૈન) લોકનાં તીર્થ.

કાઠીઆવાડમાં--પાલીટાણા, ગિરનાર. અને ગુજરાતની ઉતરમાં આબુ પર્વત.

પવિત્ર નદીઓ અને તેઓનો મહીમા.

તાપી, નર્મદા, (રેવા) જમના, અને ગંગા એ ચાર નદીઓ પવિત્ર ગણાય છે. તેઓનો મહિમા નીચે પ્રમાણે.

તાપી--સ્મરણે એટલે તાપીને સંભારીએ તો પવિત્ર થવાય.

રેવા--દર્શને એટલે જોવાથી.

જમના--પાને એટલે તેનું પાણી પીવાથી.

ગંગા--સ્નાને એટલે તેમાં નહાવાથી પાપ જાય છે.

સુખકારક હવાવાળી જગ્યાઓ

મરીની--પંજાબ ઇલાકામાં જલમ નદી પાસે.

દારજીલીંગ--સીકીમની પાસે.

સીમલા--સતલજ નદીની પાસે.

આબુ પર્વત--ગુજરાતની ઉત્તરમાં.

મહાબળેશ્વર--સંહ્યાદ્રી ઉપર સતારાની પાસે.

નીલગિરી--જયાં પૂર્વઘાટ ને પશ્ચિમઘાટ મળેછે ત્યાં

મુખ્ય ગુફાઓ--હિંદુ લોકના શિલ્પ શાસ્ત્રની અને કોતર કામની ખરી ખુબી તો પર્વતમાંથી કોતરી કાહાડેલી ગુફાઓમાં રહેલી છે. તેવી ગુફાઓ ઘણું કરીને પશ્ચિમ અને દક્ષિણ હિંદુસ્થાનમાં છે.

ઇલોરા અથવા વેલુર, એ ધારીપુરી (ઍલીફંટા) કારલી શીવનેરી, અને કનેરીમાં એવી ગુફાઓ છે. તે બૌદ્ધ ધર્મના લોકોએ કરેલી જણાય છે. ઉપર કહેલી ગુફાઓમાં ઇલોરા અથવા વેલુરની ગુફા ઊપર દોલતાબાદથી એક મૈલને અંતરે છે તે સર્વથી શ્રેષ્ટ છે. એ ગુફા જોવાથી કપતાન સીલીના મનપર કેવી અસર થઇ હતી.

હિંદુસ્તાનમાં હાલ ચાર પ્રકારનાં રાજ્ય છે.

૧ અંગ્રેજ સરકારનું ખાલસા
૨ દેશી રાજ્ય અંગ્રેજ સરકારને ખંડણી આપનાર.
૩ દેશી રાજ્ય સ્વતંત્ર (ખંડણી ન આપનાર.)
૪ પરદેશી રાજ્ય સ્વતંત્ર.

ખંડણી આપનારાં દેશી રાજ્ય

ઉત્તર હિંદુસ્તાનમાં—કાશ્મીર અને સિક્કિમ.

મધ્ય હિંદુસ્તાનમાં ખંડણી આપનાર રજપુત સંસ્થાન (રજપુત હિંદુ છે.)

૧ ઉદેપુર (અથવ મેવાડ)
૨ જોધપુર (મારવાડ)
૩ જેપુર.
૪ બુંદી.
૫ કોટા.
૬ કીશનગડ.
૭ કીરોલી.
૮ બીકાનેર.
૯ અલવાડ.
૧૦ શિરોહી.
૧૧ ડુંગરપુર.
૧૨ વાંસવાડા.
૧૩ પ્રતાપગઢ
૧૪ જેસલમીર.
૧૫ કાઠીઆવાડ
૧૬ કચ્છ.

મુસલમાની રાજ્ય

બાહાવલપૂર—એમાં નવાબનું રાજ્ય છે.

ભોપાલ—એમાં ભોપાલ બેગમનું રાજ્ય છે.

મરેઠા લોકનાં રાજ્ય.

૧ સિંધીઆ સરકારનું રાજ્ય ગ્વાલીઅર રાજધાની
૨ હોલકરનું રાજ્ય ઇંદોર રાજધાની.
૩ ગાયકવાડનું રાજ્ય વડોદરા રાજધાની.

જાટ લોકનાં રાજ્ય.

૧ ભરતપુર. }
૨ ધોલપુર. } આગ્રા પ્રાંતની પશ્ચિમે.

દક્ષિણ હિંદુસ્તાનમાં મુખ્ય ખંડણી આપનાર રાજ્ય

૧ નિઝામનું રાજ્ય (મુસલમાનનું રાજ્ય.)	૩ માનંનબાડી.
હિંદુ રાજ્યં	૪ મ્હેસુરનું રાજ્ય.
૨ કોલાપુર.	૫ ત્રાવણકોર, રાજ્ય
	૬ કાચાનાનું રાજ્ય.

દેશી સ્વતંત્ર રાજ્ય

૧ નેપાળ.	ઉત્તર હિંદુસ્તાનમાં.
૨ ભૂતાન.	

પરદેશી સ્વતંત્ર રાજ્ય

પોર્ટુગાલ દેશના પોર્ટુગીઝ એટલે ફીરંગી લોકનું રાજ્ય

૧ ગોવા મલબાર કિનારા ઉપર, એ રાજધાનીનું શેહેર, દમણ. મુંબઇની ઉત્તરમાં.

દીવ કાઠીઆવાડની દક્ષિણમાં.

ફ્રાન્સ દેશના ફ્રેન્ચ અથવા ફ્રાનસિસ લોકનું રાજ્ય

૧ પોંદીચરી	મદ્રાસની દક્ષિણે એમાં પોંદીચરી એ રાજધાનીનું શેહેર.
૨ કેરીકલ,	

૩ યાનાન—ગોદાવરી નદીના મુખ આગળ.

૪ માહી—મલબાર કિનારા ઉપર.

૫ ચંદ્રનગર—કલકત્તાની ઉત્તરે.

હિંદુસ્તાનનાં જૂદા જૂદા પ્રાંતો અને સંસ્થાનો અને તેનાં મુખ્ય શેહેર

પ્રાંતો અને સંસ્થાન — શેહેર.

૧ મુંબઇ ઇલાકો—મુંબઇ, અમદાવાદ, વડોદરા, સુરત

ભરૂચ

૨ મદ્રાસ ઇલાકો...............	મદ્રાસ મચ્છલીપટ્ટણ,
૩ મ્હૈસુર અને કુર્ગનાં સંસ્થાનો	રાજમંદ્રી. ત્રીચીના, પોલી, કાંજેવરમ, અર્કાટ.

૪ વરાડસહીત હૈદરાબાદ સંસ્થાન—હૈદરાબાદ, દોલતા બાદ. ઔરંગાબાદ, જાલના, બેદર.

૫ મધ્ય પ્રાંતો—નાગપુર, કામ્પટી, સાગર, જબલપુર, રાયપુર, ચંદા, બરાનપુર.

૬ મધ્ય હિંદ એજન્સીનાં સંસ્થાનો—ગ્વાલિયર. ઇંદોર. ભોપાલ, બુંદેલખંડ અને રેવા

૭ રજપૂત સંસ્થાનો—મેવાડ અથવા ઊદેપુર, મારવાડ અથવા જોધપુર, જેપુર, બુંદી, વિકાનેર, કોટા, કિરોલી, કિશનગઢ, જસલમેર, અલવડ, સિરોહી, ડુંગરપુર, વાંસવાડા પ્રતાપગઢ, ઝાલાવાડ, ભરતપુર, ધોળપુર, ટોંક.

૮ પંજાબ પ્રાંત......લાહોર, અમૃતસર, મુલતાન. જાલંધર, અંબાલા, ફીરોજપુર, લુધીયાણા. કાશ્મીર.

૯ વાયવ્ય પ્રાંતો......દિલ્લી, મથુરાં. આગ્રા, કાલ્પી, ઇટવા, અલાહબાદ, અનુપ, ફતેગઢ, કાનપુર, મીરજાપુર કાશી, ગાઝીપુર..

૧૦ અયોધ્યા પ્રાંત.........લખનો,, ફેજાબાદ. અયોધ્યા રાયબરેલી.

૧૧ બંગાળા ઇલાકો.........કલકત્તા, ઢાકા, મુર્શીદાબાદ પટણા, કટક, જગન્નાથ.

૧૨ આસામ.........ગોહતી.

૧૩ સ્વતંત્ર પહાડી રાજ્યો.........ખટમંડુ. ટયાસિટઝુડન, સિકિમ.

૪૧ પોર્ટુગાલ તથા ફ્રેંચ લોકનાં સંસ્થાન...દમણ, ગોવા દીવ ચંદ્રનગર, યાનાન, પાંદીચરી. કારીકલ, માહી

સિંહલદ્વીપ અથવા લંકા

આ બેટનો કેટલોક ભાગ વલંદા અને ફ્રેન્ચ લોકોને તાબે હતો પણ, સને ૧૮૧૫થી આખો બેટ આપણી મહારાણી વિક્ટોરીઆને તાબે છે.

મુખ્ય શેહેર કોલંબો એ રાજધાનીનું શેહેર પશ્ચિમ કાંઠા ઉપર એમાં ગવર્નર રહેછે.

કાંડી એ અસલની રાજધાની મધ્ય ભાગમાં છે.

મુખ્ય બંદર—કોલંબો એમાં ૪૭ ફીટ ઉંચી દીવાદાંડી છે, પાઇન્ટડીગાલ, એમાં યુરોપ, મુંબઇ, કલકત્તા-ચીન, આસ્ટ્રેલિઆની આગબોટો અને ઘણાં વહાણો એકઠાં થાયછે.

પૂર્વમાં ત્રીંકોમાલીનું બંદર એવું મોટું છે કે તેમાં બધું અંગ્રેજી નૌકાસૈન્ય સમાય, વાયવ્ય કોણમાં એરીપો બંદર છે ત મોતી કાઢવાની જગ્યાઓમાં મુખ્ય છે.

મુખ્ય નદીઓ—મહાવીલીગંગા, કાવાનીગંગા અને કાલુગંગા.

હિંદુસ્તાનની રાજધાની કલકત્તાછે પરંતુ ગવર્નર જનરલ વરસમાં કોઇ કોઇ વાર ફરવા જાયછે અને ઉનાળામાં પંજાબમાં સિમલા નામે જગામાં રહેછે અથવા હિમાલય મધ્યે બીજી કોઇ જગોમાં ઘણું કરીને રહેછે.

ગવર્નર જનરલના હાથ નીચે મુંબઇ અને મદ્રાસ ઇલાકાના ગવર્નરો, પંજાબ, વાયવ્ય પ્રાંતો, તથા બંગાળાના લેફટેનેન્ટ (એટલે મદદગાર) ગવર્નરો, મ્હેસુર, મધ્યપ્રાંતો અયોધ્યા, આસામ અને બ્રિટિશબ્રહ્મ દેશના મુખ્ય કમિશ

નરો, હૈદરાબાદ, મધ્ય હિંદુસ્તાન, એજન્સિ, રજપુતના, નેપાળ, ભરતખંડ માંહેલાં બીજાં સંસ્થાનોનાં અને ભરત ખંડની સીમાની બહારનાં ઘણાં રાજ્યો, જેવાંકે આફ્રિકા માંના ઝાંઝીબાર, અરબસ્તાનમાંના મસ્કત, ઇરાન, બલૂચિસ્તાન, અફ્ગાનિસ્તાન, તાતાર, ટિબેટ, બ્રહ્મદેશ, શિઆમ વગેરેનારેસિડન્ટ કે પોલિટિકલ એજંટોછે. લંકા બેટ બાદ કરતાં ભરતખંડની આસપાસના બીજા બેટ ઉપર પણ ગવર્નર જનરલની સત્તા પહોંચે છે.

એશિઆ ખંડમાં નીચે કહેલા દેશોમાં મહારાણી વિક્ટોરીઆનું રાજ્ય છે.

હિંદુસ્તાનનો મોટો ભાગ બ્રહ્મ દેશમાંથી આસામ આરાકાન, પેગુ, મારટાબાન, અને ટેન્હાય વગેરે પ્રાંતો મલાયા દ્વિપકલ્પનો થોડો ભાગ, સિંહલદ્વિપ (લંકા) લક્ષદ્વીપ, માલદીવ, એ વગેરે હિંદુસ્તાનની દક્ષિણના બેટો આંદામન અને નીકોબાર એ બંગાળાના ઊપસાગરમાંના બેટ. મલાયાની પશ્ચિમનો પીનાંગ અને મલાયાની દક્ષિણનો સીંગાપોર બેટ, ચીન દેશની દક્ષિણમાં કંતાન નદીના મુખ આગળનો હાંગકાંગ બેટ અને અરબસ્તાનની દક્ષિણમાં આવેલો એડનનો મજબુત કિલ્લો આપણી મહારાણીને તાબેછે.

મુંબઈ વડોદરા અને મધ્ય હિંદુસ્તાન રેલવેનાં સ્ટેશન

મુંબઈથી સુરત

કોલાબા. ચર્ચગેટ, મરીનલાઇન, ચરની રોડ, ગ્રાંટ રોડ, માહાલક્ષ્મી, પરેલ, દાદર, માહીમ, વાંદરા, અંદેરી, ગોરગામ, બરોલી, ભાઇંડર, વસાઇ, વેરાર, સોપાલા,

પાલધર, બોઇસર, વાનગામ, દેહેણું, ગોલવડ, વેવજી, સંજાણ, ભીલાર, દમણ, ઉદવાડા, પારડી, વલસાડ, ડુંગરી, બીલીમોરા, અમલસાર, નવસારી, અમરોલી, સચીન, સુરત.

સુરતથી અમદાવાદ સુધીનાં સ્ટેશનો.

સુરત, અમરોલી, સાયન, કીમ, પાનોલી, અંકલેશ્વર. ભરૂચ, ચમારગામ, પાલેજ, મીઆગામ. ઇટોલા, વડોદરા, બાજવા, વાસદ. નાવલી, આણંદ, બોરીઆવી નડીઆદ, મેમદાવાદ. બારેજરી, અમદાવાદ.

અમદાવાદથી વઢવાણ

સાબરમતી, આંબલીરોડ, સાણંદ, ચાગેલી, જખવાડા, વીરમગામ સાચલ, લીલાપોર, લખતર, વઢવાણ.

મીઆંગામથી ચાંદોદ જવાની લાઇન

મીઆંગામ. કરવાન, મનદલા, ડભોઇ, તલતલાવ, ચાંદોદ.

આંણદથી ડાકોર અને ગોધરે જવાની લાઇન

આણંદ, ભાલજ, ઊમરેઠ, ડાકોર, ઠાસરા, પાલી, ગોધરા

વીરમગામથી ખારાગોરા જવાની લાઇન

વીરમગામ, ઝુંડ, પાટડી, ખારાગોરા.

અમદાવાદથી દીલ્લી સુધીની લાઇનનાં મુખ્ય સ્ટેશન

સાબરમતી, ખોડીઆર, કલોલ, ડાંગરવાડા, જગુદાન, મેહસાના. ઊંઝા, સીધપુર, છાપી, પાલનપર, આબુ, એરીનપુરા, બીવર, અજમેર, નસીરાબાદ, જેપુર, ભરતપુર આગ્રા, દીલ્લી.

સૂચના

આ ચોપડી નીચે લખેલે ઠેકાણે રોકડી કીમતે મળશે.

દેશાવરના ઘરાકોએ ટપાલ ખરચનો એક આનો વધારે મોકલવો.

મુંબઈમાં—કાલકાદેવીના રસ્તા ઊપર મી૰ દામોદરદાસ ઈશ્વરદાસની દુકાનેથી મળશે.

શેઠ શોરીયારજી હોરમસજીની દુકાનેથી મળશે.

ધોબીતળાવ—મી૰ એરચશાહ કરાણીની દુકાનેથી મળશે.

કોટમાં—જાહાંગીર બેજનજી કરાણીની દુકાનેથી તથા માડનની દુકાને મળશે.